એપ્રિલ
૨૦૧૫

# Most IMP Current Affairs




kotak

ING Vysya













Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

Crack GPSC ™

www.crackgpsc.com

www.crackgpsc.com

# એપ્રિલ ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**




www.crackgpsc.com

# Most Imp Current Affairs – April 2015

## ➢ 1st week

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી 'ગિવ ઇટ અપ' અભિયાનની શરૂઆત**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિવ ઇટ અપ અભિયાનની શરૂઆત કરી. આ અભિયાન હેઠળ સમાજના સમૃદ્ધ વર્ગોને વિનંતી કરાઈ છે કે તેઓ પોતાની LPG સબસિડીનો ત્યાગ કરે જેથી સબસિડીને સમાજના જરૂરિયાતવાળા લોકોને આપી શકાય. વડાપ્રધાને કંપનીઓ અને બેંકોને વિનંતી કરી છે કે તેઓ તેમના કર્મચારીઓને LPG સબસિડીનો ત્યાગ કરવા માટે પ્રોત્સાહિત કરે.

- **ન્યુઝિલેન્ડના બૉલર કાઇલ મિલ્સે ઇન્ટરનેશનલ ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિ લીધી.**

- **મુસ્તફા કમાલનું ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના અધ્યક્ષ પદેથી રાજીનામું**

  મુસ્તફા કમાલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (International Cri%ket Coun%l-ICC)ના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. તેમણે ભારત-બાંગ્લાદેશ ક્વાર્ટર ફાઇનલ મેચ પછી જાહેરમાં એમ્પાયરિંગ સ્તરની ટીકા કરી હતી, જેના પછી ICCએ પોતાના જ અધ્યક્ષની ટીકા કરી હતી.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ગુજરાત હાઇ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક કરી**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ બંધારણની કલમ 217(1) દ્વારા આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત હાઇ કોર્ટમાં એડિશનલ જજ (1) જસ્ટિસ રાજેન્દ્ર ધીરજલાલ કોઠારી (2) જસ્ટિસ અબ્દુલ્લાહ ગુલામહમેદ ઉરૈઝીને નિયમિત ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યાં. આ સાથે રાષ્ટ્રપતિએ બંધારણની કલમ 224(1) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને (1) કૌશલ જયેન્દ્ર ઠાકેર અને (2) રતિલાલ પુરુષોત્તમભાઈ ઢોલરિયાને 3 મે 2015થી એક વર્ષની મુદત માટે ગુજરાત હાઇકોર્ટમાં અધિક ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યાં.

- **વિશ્વની સૌથી વૃદ્ધ મહિલા મિસાઓ ઓકાવાનું 117 વર્ષની ઉંમરે અવસાન થયું.**

- **ગુજરાત વિધાનસભામાં 'ગુજટોક' વિધેયક પસાર**

  ગુજરાત વિધાનસભાએ આતંકવાદ તેમજ સંગઠિત ગુનાઓને રોકવા માટે 'ગુજટોક' વિધેયક (Gujarat Control of Terrorism and organized Crime Bill 2015) પસાર કર્યું. આ વિધેયક પહેલાં વિવાદમાં રહેલા 'ગુજકોક' વિધેયકના સ્થાને પસાર થયું. ગુજકોક વિધેયકને ત્રણ વખત ગુજરાત વિધાનસભાએ પસાર કર્યું હતુ, પરંતુ રાષ્ટ્રપતિએ વાંધાજનક જોગવાઇઓના કારણે તેને મંજૂરી આપી નહિ. ગુજરાત સરકાર છેલ્લાં 12 વર્ષોથી આતંકવાદ તેમજ સંગઠિત ગુનાઓને રોકવા માટે કડક કાયદા બનાવવાના પ્રયત્નો કરી રહી છે. મહારાષ્ટ્રના મકોકાની જેમ

બનાવેલ ગુજકોકને વર્ષ 2004માં તત્કાલીન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ અને 2008માં પ્રતિભા પાટિલે પરત કર્યુ છે. તેના પછી 2009માં તેને ત્રીજી વખત પસાર કરી રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યુ હતુ, પરંતુ હજુ પણ તે અનિર્ણિત છે.

✓ **આપતિજનક જોગવાઇઓ**

- ✓ આ વિધેયકની કલમ 14 અનુસાર કોઈ આરોપીની ફોન પર વાતચીતની ટેપ પુરાવા તરીકે કોર્ટમાં માન્ય રહેશે. તેના પર અન્ય કોઇ કાયદાની અસર થશે નહીં. આપતિ : ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ફોન પર થયેલી વાતચીત પુરાવો મનાતો નથી.
- ✓ કલમ 16 અનુસાર આરોપીને પોલીસ અધિક્ષકશ્રી સ્તર અધિકારીની સામે નોંધાવેલ નિવેદનને પુરાવો માનવામાં આવશે. આપતિ: ક્રિમીનલ પ્રોસીજર કોડની ધારા 164 હેઠળ કોઈ મજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલ નિવેદનને જ પુરાવો માનવામાં આવે છે.
- ✓ કલમ 20 (2) (બી) અનુસાર તપાસ પૂર્ણ કરવા અથવા ચાર્જશીટ દાખલ કરવાની મુદત 180 દિવસ સુધી વધારવામાં આવશે. આપતિ : હાલમાં 90 દિવસમાં ચાર્જશીટ રજૂ ન થાય તો આરોપીને મુક્ત કરવામાં આવે છે. આરોપ વિના છ મહિના સુધી જેલમાં રાખવું અયોગ્ય.
- ✓ કલમ 20 (4) હેઠળ કોઈ આરોપીને વ્યક્તિગત જામીનખત પર મુક્ત કરી શકાશે નહિ. આપતિ : આ જોગવાઇ ગેરબંધારણીય છે. તે આરોપીના મુક્તિના અધિકારની વિરુદ્ધ છે.
- ✓ ગુજટોકમાં દાખલ કેસની સુનાવણી માત્ર સ્પેશિયલ કોર્ટમાં જ થશે. આપતિ : સ્પેશિયલ કોર્ટમાં સુનાવણીમાં વિલંબ થવા પર આરોપી ઝડપી ન્યાયથી વંચિત રહેશે.

- **મ્યાનમાર સરકાર અને 16 નૃવંશીય બળવાખોર જૂથો વચ્ચે યુદ્ધ વિરામ સમજૂતી**

મ્યાનમાર સરકાર અને 16 નૃવંશીય બળવાખોર જૂથોએ યુદ્ધ વિરામ સમજૂતી પર હસ્તાક્ષર કર્યાં. આ પગલું મ્યાનમારની અર્ધ નાગરિક સરકાર માટે એક મોટી સિદ્ધિ છે. મ્યાનમાર યુનાઇટેડ કિંગડમથી 1948માં સ્વતંત્ર થયુ અને ત્યાં સ્વતંત્રતા પ્રાપ્તિ પછીથી સશસ્ત્ર આંતરિક સંઘર્ષ ચાલી રહ્યો છે. મ્યાનમારનો આ નાગરિક સંઘર્ષ વિશ્વના સૌથી લાંબા સમય સુધી ચાલેલા સંઘર્ષોમાંથી એક છે.

- **RBI દ્વારા કેન્દ્રિય સહકારી બેંકોને પાંચ લાખ રૂપિયાનો નાણાકીય દંડ**

RBIએ 16 કેન્દ્રિય સહકારી બેંકો પર પાંચ લાખ રૂપિયાનો નાણાકીય દંડ કર્યો. બેંકો પર KYC અને એન્ટી મની લૉન્ડ્રિંગના દિશા-નિર્દેશોનું અનુસરણ ન કરવાના કારણે આ દંડ કરવામાં આવ્યો.

- **ગુલશન રાય ભારતના પ્રથમ સાયબર સુરક્ષા પ્રમુખ નિયુક્ત**

ગુલશન રાયે સાયબર સુરક્ષા માટે વિશેષ સચિવ તરીકે વડાપ્રધાન કાર્યાલય (PMO-Prime Minister's Office) અંતર્ગત ભારતના પ્રથમ સાયબર સુરક્ષા પ્રમુખ તરીકે કારભાર સંભાળ્યો.

www.crackgpsc.com

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માર્ચ 2015માં PMO અંતર્ગત આ નવા પદની રચના કરી છે. નિયુક્તિ પહેલાં તેઓ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલૉજી વિભાગમાં કમ્પ્યુટર ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમ (Computer Emergency Response Team-CERT)ના મહાનિયામક હતા. તેઓ સંદેશાવ્યવહાર અને માહિતી ટેક્નોલૉજી મંત્રાલયમાં ઈ-સુરક્ષા અને સાયબર કાયદા વિભાગના પ્રમુખ પણ રહેલા છે. રાયને ITના વિવિધ ક્ષેત્રમાં બે દાયકાનો અનુભવ છે અને તેમણે સાયબર સુરક્ષા ક્ષેત્રમાં વિવિધ પદો પર પણ કાર્ય કર્યું છે.

- **જાસૂસીના આરોપમાં પેરુનાં વડાપ્રધાન અના જારા બરતરફ**

  પેરુનાં વડાપ્રધાન અના જારાએ તેમના પદેથી રાજીનામું આપ્યું. તેઓ કોંગ્રેસમાં વિશ્વાસ મત મેળવી શક્યાં નહીં. અના જારા પર પેરુના સાંસદો, બિઝનેસમેન અને પત્રકારોની જાસૂસી કરવાનો આરોપ છે. આ પ્રથમ વાર છે જ્યારે કોઈ વડાપ્રધાનને કાર્યકાળ દરમિયાન બરતરફ કરાયાં હોય.

- **ICC વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટ રેંન્કિંગ સુચિ જારી**

  ICC દ્વારા જારી કરાયેલ ઇન્ટરનેશનલ ક્રિકેટ રેંન્કિંગમાં ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી વન ડે ક્રિકેટના બેટ્સમેનની રેંન્કિંગમાં ચોથા સ્થાને છે. વન ડે બેટ્સમેનની રેંન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એ.બી. ડિવિલિયર્સ પ્રથમ ક્રમે છે. બૉલરમાં વર્લ્ડ કપના પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ રહેલા ઑસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્ક પ્રથમ ક્રમે છે.

- **વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટ રેંન્કિંગમાં ઑસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને**

  ICC દ્વારા જારી કરાયેલ વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટ રેંન્કિંગની યાદીમાં ભારત બીજા સ્થાને. ICC અનુસાર યાદીમાં ઑસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને.

- **સીરિયા માટે 3.8 અબજ ડૉલરની સહાયતાની જાહેરાત**

  વિશ્વ સમુદાયે સીરિયા કટોકટીને રાહત કરવાના હેતુથી કુવૈતમાં યોજાયેલ ત્રીજા આંતરરાષ્ટ્રીય માનવીય પ્રતિબદ્ધતા સમ્મેલનમાં 3.8 અબજ અમેરિકન ડૉલરની નાણાકીય સહાય આપવાનું વચન આપ્યું. સીરિયામાં કટોકટીના કારણે દર પાંચમાંથી ચાર વ્યક્તિ ગરીબી રેખા નીચે જીવન જીવે છે અને તેના કારણે છેલ્લા 40 વર્ષોનો માનવ વિકાસ નાશ પામ્યો છે.

- **યમનથી ભારતીય નાગરિકોને કાઢવા માટે ઑપરેશન રાહતની શરૂઆત**

  યમનથી 4000થી વધુ ભારતીય નાગરિકોને કાઢવા માટે હવાઈ અને દરિયાઈ અભિયાન ઑપરેશન રાહત શરૂ કરવામાં આવ્યું. આ અભિયાનમાં પાંચ દરિયાઈ જહાજો અને ચાર હવાઈ જહાજોને સામેલ કરવામાં આવ્યાં. ઑપરેશન રાહતનો હેતુ સાઉદી આરબ અને અન્ય 10 દેશો દ્વારા હાઉતી બળવાખોરોની સામે શરૂ કરાયેલ લશ્કરી અભિયાનથી ભારતીય નાગરિકોને સુરક્ષિત સ્થળાંતર કરવાનો છે. હાઉતી ગ્રુપે યમનની રાજધાની સના અને સંસદને કબ્જે કરી છે.

www.crackgpsc.com

- **બ્રેન્ડન મેકકુલમ વાર્ષિક ન્યુઝીલેન્ડ ક્રિકેટ એવોર્ડ્સમાં વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટર જાહેર**

  ન્યુઝીલેન્ડના કેપ્ટન બ્રેન્ડન મેકકુલમને વાર્ષિક ન્યુઝિલેન્ડ ક્રિકેટ એવોર્ડ્સમાં વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટર તરીકે જાહેર કરવામાં આવ્યા. મેકકુલમની આગેવાનીમાં ન્યુઝીલેન્ડ ટીમ પ્રથમ વાર વર્લ્ડ કપના ફાઇનલમાં પહોંચી હતી. મેકકુલમને શ્રેષ્ઠ પુરસ્કાર 'સર રિચાર્ડ હેડલી' મેડલથી સન્માનિત કરવામાં આવ્યા.

- **રાષ્ટ્રપતિએ 'આતંક કે સાયે મેં' નામના પુસ્તકનું વિમોચન કર્યું**

  ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીએ ગરિમા સંજય દ્વારા લખાયેલ પુસ્તક 'આતંક કે સાયે મેં'નું વિમોચન કર્યું. પુસ્તકમાં સમગ્ર વિશ્વમાં ફેલાયેલા આતંકવાદ અને સમાજ પર પડતી તેની અસરો પર વિચાર કરવામાં આવ્યો છે.

- **સાહિત્યકાર ડૉ. કૈલાશ વાજપેયીનું અવસાન**

  સાહિત્યકાર ડૉ. કૈલાશ વાજપેયીનું અવસાન થયું. મુખ્યત્વે તે હિન્દીના સાહિત્યકાર હતા, પરંતુ તેમણે હિન્દીની સાથે સાથે અંગ્રેજી ભાષામાં પણ લેખન કાર્ય કર્યું. તે 'દાર્શનિક મિજાજ'ના કવિ હતા.

- **નાઇજીરિયામાં ભૂતપૂર્વ સૈન્ય શાસક મુહમ્મદ બુહારીએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતી**

  આફ્રિકન દેશ નાઇજીરિયામાં ભૂતપૂર્વ લશ્કરી શાસક મુહમ્મદ બુહારીએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી ભારે બહુમતીથી જીતી લીધી. નાઇજીરિયાવાસીઓએ રાષ્ટ્રપતિ ગુડલક જોનાથનને હરાવી ભૂતપૂર્વ લશ્કરી સરમુખત્યારશાહી મુહમ્મદ બુહારીને દેશના નવા શાસક ચૂંટ્યા. નાઇજીરિયાના ઇતિહાસમાં આ પ્રથમ વાર હશે જ્યારે કોઈ વિરોધી દળની સત્તાધારી પાર્ટીએ લોકશાહી રીતે દેશનું નિયંત્રણ પ્રાપ્ત કર્યું. જોનાથનની પાર્ટી દેશમાં દાયકાઓની લશ્કરી સરમુખત્યારશાહીના 1999માં પૂર્ણ થયા પછીથી શાસન કરી રહી હતી.

- **કોટક મહિન્દ્રા અને ING વૈશ્ય બેંકના વિલીનીકરણને RBIની મંજૂરી**

  RBIએ કોટક મહિન્દ્રા બેંક અને ING વૈશ્ય બેંકના વિલીનીકરણને મંજૂરી આપી. આ વિલીનીકરણ પછી કોટક મહિન્દ્રા ખાનગી ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક બની જશે. કોટક મહિન્દ્રા અને ING વૈશ્યની વચ્ચે 15,000 કરોડ રૂપિયાના વિલીનીકરણના પ્રસ્તાવને સ્પર્ધા આયોગ (Competition Commission of India-CCI) તરફથી ફેબ્રુઆરી 2015માં જ મંજૂરી મળી ગઈ હતી.

- **લશ્કરી દળ જૈશ અલ-ફતહે સિરિયન શહેર ઇદબિલ પર કબ્જો કર્યો**

  સશસ્ત્ર દળ જૈશ અલ-ફતહે સિરિયન શહેર ઇદબિલ પર કબ્જો કર્યો. આ સમૂહ સાત સશસ્ત્ર જૂથોનું ગઠબંધન છે. સિરિયન રાષ્ટ્રપતિ બશર અલ અસદના વફાદારો અને તેમના વિરોધીઓની વચ્ચે માર્ચ 2011માં સૈન્ય તકરાર શરૂ થઈ હતી અને ત્યારથી અત્યાર સુધી લગભગ આ તકરારે 2 લાખ નાગરિકોનો જીવ લીધો છે.

- **રાજસ્થાન સરકારે જયપુરમાં મહિલા દૂધ બેંક જીવનધારાની શરૂઆત કરી**

www.crackgpsc.com

રાજસ્થાન સરકારે જયપુરમાં મહિલા દૂધ બેંક જીવનધારાની શરૂઆત કરી. તેનો હેતુ રાજસ્થાનમાં ઉચ્ચ બાળમૃત્યુ દરને અટકાવવાનો છે. રાજ્ય સરકારે આ બેંકની શરૂઆત નોર્વેની સરકાર અને જેકે લૉન હોસ્પિટલ સાથે મળીને કરી છે. આ બેંક સ્તનપાન કરાવતી માતાઓ દ્વારા દાન કરાયેલ દૂધને એકત્રિત કરશે જેનો ઉપયોગ વંચિત બાળકો માટે કરવામાં આવશે. દાન આપવા ઇચ્છતી માતાઓથી મળેલું આ દૂધ બાળકોને મફત આપવામાં આવશે. દાન આપવાની પ્રક્રિયા દાતાઓની સંપૂર્ણ તપાસ અને HIV, સિફિલીસ, હિપેટાઇટિસ અને અન્ય બીમારીઓની તબીબી તપાસ પછી જ શરૂ કરવામાં આવશે. ત્યાર બાદ દૂધને પેશ્ચુરાઈઝ્ડ કરવામાં આવશે જેમાં અંદાજે ત્રણ મહિનાનો સમય લાગે છે. પ્રથમ સરકારી મહિલા દૂધ બેંક કોલકાતામાં શરૂ કરવામાં આવી હતી અને જયપુર આ શ્રેણીની બીજી બેંક છે. જોકે રાજ્યમાં પ્રથમ મહિલા દૂધ બેંક બિનસરકારી સંગઠન (NGO) ઉદયપુરની એક સરકારી હોસ્પિટલમાં શરૂ કરવામાં આવ્યું હતું. રાજસ્થાનમાં બાળમૃત્યુ દર 1000 જન્મ દીઠ 49 ટકા છે અને તેનું કારણ સમયસર માતાના દૂધની અનુપલબ્ધતા છે.

- **વિપ્રોના CBO પદેથી સતીશચંદ્ર ડોરેસ્વામીએ રાજીનામું આપ્યુ**

સતીશચંદ્ર ડોરેસ્વામીએ વિપ્રોના ચીફ બિઝનેસ ઑફિસર (CBO)ના પદથી રાજીનામું આપ્યું. વિપ્રોમાં CBO તરીકે, તે બિઝનેસ ઑપરેશન્સ ગ્રુપ, ડિલિવરી લીડરશિપ અને ગ્લોબલ ટ્રાન્સફોર્મેશન ચાર્ટરનું કામ સાંભળતા હતા. વિપ્રો સાથે જોડાયા પહેલાં તેઓ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ (TCS)ની સાથે કામ કરી ચૂક્યા છે અને અહીં તેઓ ઉપપ્રમુખ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસીઝના ગ્લોબલ હેડના પદ પર હતા.

- **ભારતના તમાકુ વિરોધી અભિયાનનો ચહેરો સુનિતા તોમરનું નિધન**

ભારતના તમાકુ વિરોધી અભિયાનનો ચહેરો સુનિતા તોમરનું અવસાન થયું. 2014માં તેમણે 30 સેકન્ડનો એક વીડિયો શૂટ કર્યો હતો જેમાં સુનિતા ધુમાડારહિત તમાકુની વિનાશક અસરો વિશે જણાવતી હતી. તે વીડિયોમાં તે તેમના અનુભવો શેર કરે છે જેનો સરકારે તમાકુ વિરોધી અભિયાનમાં લોકોને ધુમાડારહિત ગુટખા અને પાન મસાલા ખાવાની સામે ચેતવણી આપવા માટે ઉપયોગ કર્યો. એક વીડિયો બનાવવા માટે તે વૉઇસ ઑફ ટોબેકો વિક્ટિમ્સ (Voice of Tobacco Victim -VoTV) સાથે જોડાઇ. તેમાં મોઢાના કેન્સર સામે તેમની લડત વિશે જણાવવામાં આવ્યું છે. ભારતમાં દર વર્ષે લગભગ દસ લાખ લોકો તમાકુ ખાવાના કારણે મૃત્યુ પામે છે અને ભારતમાં અંદાજે 35% યુવાનો કોઈ ને કોઈ રીતે તમાકુનું સેવન કરે છે.

- **વિશ્વનાથન આનંદના નામ પર લઘુ ગ્રહનું નામ રાખવામાં આવ્યુ**

માઇકલ રુડેન્કો, લઘુ ગ્રહ કેન્દ્ર સમિતિના સભ્યએ સત્તાવાર રીતે લઘુગ્રહનું નામ, ભારતના પ્રથમ ચેસ ગ્રાન્ડમાસ્ટર વિશ્વનાથન આનંદને સન્માનિત કરતાં 4538 વિશ્વાનંદ રાખવાની જાહેરાત કરી. તેની સાથે જ આનંદ ભૂતપૂર્વ વર્લ્ડ ચેસ ચેમ્પિયન્સ, એલેક્ઝાન્ડર એલ્કાઇન અને

અનાતોલી કારપોવની યાદીમાં સામેલ થયા જેમને આ સન્માન આપવામાં આવ્યું છે. અન્ય ખલાડીઓ જેમને આ સન્માન આપવામાં આવ્યું છે તેમાં ડોનાલ્ડ બ્રેડમેન, જેસી ઓવેન્સ, રાફેલ નડાલ અને રોજર ફેડરર સામેલ છે.

- **અવકાશી પદાર્થોના નામકરણની પ્રક્રિયા**

  સંશોધક 10 વર્ષ માટે એક નામ સૂચવવાનો વિશેષાધિકાર ધરાવે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય ખગોળીય સંઘના કાર્ય સમૂહથી ચૂંટાયેલી સમિતિની પાસે નામ આપવાની અંતિમ સત્તા હોય છે. માઇકલ રુડેન્કો જેમને આ સન્માન આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા, તેમણે નિયમો મુજબ વિશ્વાનંદ નામ સૂચિત કર્યું.

- **સ્નેપડીલે નાણાકીય સેવા કંપની 'રૂપીપાવર'માં ભાગીદારી ખરીદી**

  ઈ-કોમર્સ ક્ષેત્રની મુખ્ય કંપની સ્નેપડીલે 'રૂપીપાવર'માં ભાગીદારી ખરીદી. આનાથી સ્નેપડીલને દેશના 4,500 કરોડ રૂપિયાના ઑનલાઇન નાણાકીય સેવા બજારમાં ઉતરવામાં મદદ મળશે. 2011માં સ્થાપિત 'રુપીપાવર' લૉન, ક્રેડિટ કાર્ડ અને અન્ય પર્સનલ ફાઇનાન્સ ઉત્પાદનો માટે ડિજિટલ ડીલીવરી પ્લેટફૉર્મ પૂરું પડે છે. ભારતીય સ્ટેટ બેંક, ICICI બેંક તેમજ બજાજ ફિનસર્વ 'રુપીપાવર'ના માર્કેટ પાર્ટીસિપેન્ટ્સ છે.

- **ઓરિસ્સા સરકારે આહાર યોજનાની શરૂઆત કરી**

  ઓરિસ્સા સરકારે શહેરી ગરીબોને રાહત દરે ભોજન પૂરું પાડવા માટે આહાર યોજનાની શરૂઆત કરી. આ યોજનાની શરૂઆત રાજ્યના સ્થાપના દિવસ 'ઉત્કલ દિવસ'ના પ્રસંગે મુખ્યમંત્રી નવીન પટનાયક દ્વારા કરવામાં આવી. યોજના હેઠળ રાહત દરે ખાદ્ય સામગ્રી પૂરી પાડવા માટે પાંચ શહેરોમાં ખાદ્ય સામગ્રી વિતરણ કરતી દુકાનો ખોલવામાં આવશે. આ દુકાનો દ્વારા ચોખા, દાળ અને અથાણાને પાંચ રૂપિયાના દરે આપવામાં આવશે.

- **વિજય કેલકરનું ટાટા કેમિકલ્સના નિર્દેશક મંડળમાંથી રાજીનામું**

  13મા નાણાંપંચના અધ્યક્ષ વિજય કેલકરે ટાટા કેમિકલ્સના બિનકાર્યકારી સ્વતંત્ર નિર્દેશક પદેથી રાજીનામું આપ્યું. ટાટા કેમિકલ્સ ટાટા ગ્રુપની કંપની છે જે રસાયણિક ખેત ઉત્પાદનો બનાવે છે. તેઓ નેશનલ સ્ટોક એક્સચેન્જ તથા 13મા નાણાં પંચના અધ્યક્ષ સિવાય નાણાં મંત્રીના સલાહકાર પણ રહ્યા.

- **ઇજિપ્તની એકેડેમી ઑફ આર્ટ્સ દ્વારા અમિતાભ બચ્ચનને ડૉક્ટરેટની પદવી**

  સિનેમા ક્ષેત્રમાં યોગદાન આપવા બદલ ઇજિપ્તની એકેડેમી ઑફ આર્ટ્સે અમિતાભ બચ્ચનને ડૉક્ટરેટની પદવીથી સન્માનિત કર્યાં. ઇજિપ્તની એકેડેમી ઑફ આર્ટ્સે પ્રથમ વખત કોઈ આંતરરાષ્ટ્રીય કલાકારને ડૉક્ટરેટની પદવી આપી.

- **ભારતીય મૂળની નર્સ ડૉ. સુભદ્રા દેવી રાય ઇન્ટરનેશનલ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત**

www.crackgpsc.com

ભારતીય મૂળની નર્સ ડૉ. સુભદ્રા દેવી રાયને આંતરરાષ્ટ્રીય સિદ્ધિ પુરસ્કાર (international achievement award)થી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને આ પુરસ્કાર મહિલાઓ અને શરણાર્થીઓની આરોગ્ય સંભાળ ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય માટે આપવામાં આવ્યો. સિંગાપુરમાં દર બે વર્ષે આપવામાં આવતો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનાર તેઓ સિંગાપુરની પ્રથમ નાગરિક છે. વર્ષ 1999માં આ દ્વિવાર્ષિક પુરસ્કાર શરૂ કરાયા પછીથી આ પ્રથમ વાર હશે જ્યારે સિંગાપુરના કોઈ નાગરિકને આ પુરસ્કાર આપવામાં આવશે.

- **અમરાવતીને આંધ્ર પ્રદેશની નવી રાજધાની તરીકે મંજૂરી પ્રદાન**

  મુખ્યમંત્રી એન ચંદ્રાબાબુ નાયડુના નેતૃત્વમાં આંધ્ર પ્રદેશ મંત્રીમંડળે અમરાવતીને રાજ્યની નવી રાજધાની બનાવવાની મંજૂરી આપી. નવી રાજધાની વિજયવાડા-ગુંટુર પ્રદેશમાં બનશે. અમરાવતીની ઐતિહાસિકતા, આધ્યાત્મ અને પૌરાણિક મહત્વને જોતાં તેને રાજધાની બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. અમરાવતી આંધ્ર પ્રદેશના ગુંટુર જીલ્લામાં કૃષ્ણા નદીના કિનારે આવેલું છે. આ શહેર સાતવાહન રાજાઓના શાસનકાળમાં હિન્દુ સંસ્કૃતિનું કેન્દ્ર હતું. તે 400 વર્ષો સુધી આ સાતવાહનોની રાજધાની રહ્યું. અમરાવતીનું નામ ભગવાન અમરેશ્વરના નામ પરથી પડ્યું છે. તેને દક્ષિણના કાશીના નામથી પણ ઓળખવામાં આવે છે. તેનું પ્રાચીન નામ ધાન્યઘટ કે ધાન્યકટક અથવા ધરણીકોટ છે. આ સ્થળ બૌદ્ધ અને જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર છે.

- **કેન્દ્રિય વિજ્ઞાન, ટેક્નોલૉજી અને પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. હર્ષવર્ધને પૉંડિચેરી યુનિવર્સિટીના પૉર્ટ બ્લેયર કેમ્પસમાં સેન્ટર ફૉર મેરીટાઇમ સ્ટડીઝનું ઉદઘાટન કર્યું.**

- **બ્રિટનના ટેનિસ ખેલાડી એન્ડી મુરેએ કરિયરની 500મી મેચ જીતી**

  બ્રિટનના ટેનિસ ખેલાડી એન્ડી મુરેએ મિયામી ઓપન ટેનિસ ટુર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં કેવિન એન્ડરસનને હરાવી તેમની ટેનિસ કરિયરની 500મી મેચ જીતી લીધી. એન્ડી મુરે આ સિદ્ધિ મેળવનાર ઇંગ્લેન્ડના પ્રથમ અને વિશ્વના 46મા ખેલાડી બન્યા. ATPના ઇતિહાસમાં સૌથી વધુ મેચ જીતનાર ખેલાડી રોજર ફેડરર (1012 મેચ) છે.




www.crackgpsc.com

- **ઈરાન અને P5+1એ પરમાણુ કરાર પર જે.સી.પી.ઓ.એ. માટે મંજૂરી આપી**

ઈરાન અને P5+1 અને યુરોપિય સંઘે (European Union-EU) ઈરાનને પરમાણુ હથિયાર વિકાસને અટકાવવા માટે એક સમજૂતીની રૂપરેખાને સ્વીકાર કરી જેને સંયુક્ત વ્યાપક કાર્ય યોજના (Joint Comprehensive Plan of Action-JCPOA)નું નામ આપવામાં આવ્યું. P5+1માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (United Nations Security Council-UNSC) ના તમામ કાયમી સભ્યો એટલે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન અને રશિયાની સાથે જર્મની સામેલ છે. આનાથી ઈરાન ઓછામાં ઓછાં 10 વર્ષ માટે સંવર્ધિત યુરેનિયમનું ઉત્પાદન કરવા માટે એડવાન્સ્ડ સેંટ્રીફ્યૂઝનો ઉપયોગ નહીં કરે. પોતાના એડવાન્સ્ડ સેંટ્રીફ્યૂઝનો ઉપયોગ મર્યાદિત સંશોધન અને વિકાસ માટે કરશે. જે સેંટ્રીફ્યૂઝ ઉપયોગમાં નથી તેને IAEA (International Automic Energy Agency)ની તપાસ હેઠળ સ્ટોરમાં રાખવામાં આવશે. ઈરાન 15 વર્ષ પછી 3.67%થી વધુ યુરેનિયમ સંવર્ધન નહીં કરે. 15 વર્ષ માટે પોતાના 10,000 કિલોથી ઓછા સંવર્ધિત યુરેનિયમ (Low-Enriched Uranium-LEU)ના ભંડારને 300 કિલો, 3.67 ટકા LEU સુધી ઘટાડશે.

- **વર્ષ 2014-15 દરમિયાન 'સ્વચ્છ ભારત મિશન' અમલીકરણમાં ગુજરાત સૌથી આગળ**

કેન્દ્રિય શહેરી વિકાસ મંત્રાલયે 'સ્વચ્છ ભારત મિશન' (Swachh Bharat Mission, SBM) ના અમલીકરણનું મૂલ્યાંકન રજૂ કર્યું. તેના મુજબ વર્ષ 2014-15 દરમિયાન ગુજરાત 'સ્વચ્છ ભારત મિશન'ને અમલમાં મૂકવામાં દેશનાં તમામ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી આગળ રહ્યું. 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ વર્ષ 2014-15માં કુલ 270069 ઘરોમાં બનેલાં શૌચાલયોમાંથી 60% માત્ર ગુજરાતમાં બન્યાં. ઘન કચરા વ્યવસ્થાપનને પણ પ્રોત્સાહિત કરવામાં ગુજરાત સૌથી આગળ રહ્યું. સામુદાયિક શૌચાલય સીટો બનાવવામાં ઓરિસ્સા આગળ રહ્યું.

☞ **સ્વચ્છ ભારત મિશન (SBM)**

'સ્વચ્છ ભારત મિશન'ની શરૂઆત 2 ઑક્ટોબર 2014ના દિવસે શરૂ થઇ હતી. તેનો હેતુ મહાત્મા ગાંધીની 150મી જયંતી એટલે કે 2 ઑક્ટોબર 2019 સુધી સમગ્ર દેશના 4041 શહેરો અને નગરોમાં સંપૂર્ણ સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે. શહેરી ક્ષેત્રોમાં ખુલ્લામાં શૌચની સમસ્યા દૂર કરવા માટે શૌચાલયોનું નિર્માણ આ મિશનની પ્રાથમિકતા છે.

- **પેડ્રો કેટેરીઆનો બેલ્લિદો પેરુના 7મા વડાપ્રધાન નિયુક્ત**

પેડ્રો કેટેરીઆનો બેલ્લિદોને રાષ્ટ્રપતિ ઓલ્લાનતા હમાલા દ્વારા પેરુના સાતમા વડાપ્રધાન તરીકે નિયુક્ત કરાયા. પેડ્રો, એના જરાનું સ્થાન લેશે. એના જરા જાસૂસી અને ભ્રષ્ટાચારમાં સંકળાયેલ હોવાના આરોપના કારણે કોંગ્રેસમાં કરાયેલા વિશ્વાસ મતમાં બહુમતી મેળવી શક્યા નહીં.

- **યોગ ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન નથી: કેલિફોર્નિયા ન્યાયાલય**

અમેરિકાના કેલિફોર્નિયા ન્યાયાલયે એમ કહીને એક અપીલને ફગાવી દીધી કે સેન ડિએગો કાઉન્ટી સ્કૂલમાં શીખવવામાં આવતા યોગ કોઈ ધાર્મિક સ્વતંત્રતાની અવગણના નથી કરતા. ન્યાયાલયે જણાવ્યું કે યોગ કેટલાક સંદર્ભોમાં ધાર્મિક હોઇ શકે છે, પરંતુ એન્સિનિટાસ યુનિયન સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં શીખવવામાં આવતા યોગ માટે એવો કોઈ પુરાવો નથી મળ્યો જેથી એ સાબિત કરી શકાય કે તે ધાર્મિક, રહસ્યમય કે અધ્યાત્મિક પ્રપંચોમાં સામેલ છે.

- **મરિયમ આસિફ સિદ્દીકીએ 'શ્રીમદ્ ભાગવત ગીતા ચેમ્પિયન્સ લીગ'નો ખિતાબ જીત્યો**

મુંબઈની મરિયમ આસિફ સિદ્દીકીએ 'શ્રીમદ્ ભાગવત ગીતા ચેમ્પિયન્સ લીગ'નો ખિતાબ જીત્યો. તેનું આયોજન ધાર્મિક સંસ્થા ઇસ્કોન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 195 સ્કૂલોના 4500 સ્પર્ધીઓએ ભાગ લીધો. મરિયમ સિદ્દીકી 12 વર્ષની મુસ્લિમ છોકરી છે. પ્રથમ એવોર્ડ મેળવનારી મરિયમે આ ખિતાબ જીતી એ સિદ્ધ કર્યું છે કે જ્ઞાન મેળવવાનો સંબંધ કોઈ ધર્મ સાથે નહીં, પરંતુ માનવતા સાથે હોય છે.

✓ **શ્રીમદ્ ભાગવત ગીતા ચેમ્પિયન્સ લીગ**

'શ્રીમદ્ ભાગવત ગીતા ચેમ્પિયન્સ લીગ'નું આયોજન ધાર્મિક સંસ્થા ઇસ્કોન (International Society for Krishna Consciousness, ISKCON) દ્વારા કરવામાં આવ્યું. તેનું આયોજન ગીતા જ્ઞાનને જાણવા-ચકાસવા માટે કરવામાં આવે છે. તેમાં બાળકોને ગીતાની જાણકારી માટે 100 અંકના બહુવિકલ્પીય પ્રશ્નો પૂછ્યા હતા.

- **માર્ગ પરિવહન અને સુરક્ષા વિધેયક 2015નો પ્રસ્તાવ કેન્દ્રીય મંત્રીમંડળમાં રજૂ**

કેન્દ્રિય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે માર્ગ પરિવહન તેમજ સુરક્ષા વિધેયકના મુસદ્દાનો પ્રસ્તાવ કેબિનેટમાં રજૂ કર્યો. આ વિધેયકમાં ઘણા સુધારાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં સલામતી પર ખાસ ધ્યાન અને વિવિધ ગુનાઓ માટે દંડમાં વધારો કરવાનું સામેલ છે. તેમાં દંડની રકમ હાલના મોટર વાહન અધિનિયમ, 1988માં ઉલ્લેખ કરેલા દંડ કરતાં વધુ નક્કી કરવામાં આવી છે. આમાં વારંવાર ગુનાઓના કેસમાં દંડની રકમ વધારવાની જોગવાઇ પણ સામેલ છે. આ સાથે જ વિવિધ ગુનાઓ માટે 'અવગુણ અંક' પણ આપવામાં આવશે જેના આધારે લાઇસન્સ સસ્પેન્ડ પણ કરી શકાય છે.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જમીન સંપાદન વટહુકમ પર હસ્તાક્ષર કર્યા**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જમીન સંપાદન, પુનર્વસન અને પુનઃવ્યવસ્થાપનમાં યોગ્ય ઉપાય અને પારદર્શકતા અધિકાર (સુધારો) વટહુકમ (The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement (Amendment) Ordinance) પર હસ્તાક્ષર કર્યાં. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થવાની સાથે જ આ જમીન સંપાદન વટહુકમ અમલમાં આવ્યો. આ વિધેયક લોકસભામાં પસાર થઇ ચુક્યું છે. જ્યારે આ વિધેયક રાજ્યસભામાં વિચારાધીન છે જ્યાં સરકાર લઘુમતીમાં છે.

- **દિલ્હીની સુરક્ષા પણ પરમાણુ મિસાઇલથી કરવામાં આવશે**

  'મિસાઇલ કવચ કાર્યક્રમ' હેઠળ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની સલામતીને ધ્યાનમાં લઈને ભારત સરકારે અહીં પરમાણુ મિસાઇલ તૈયાર રાખવાની યોજના બનાવી છે. તેના હેઠળ હવે બેઇજિંગ અને વૉશિંગ્ટનની જેમ દિલ્હીની સુરક્ષા પણ પરમાણુ મિસાઇલથી કરવામાં આવશે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની સુરક્ષાને લઇને દૂરના અંતર સુધી માર કરી શકે તેવી બે મિસાઇલને રડાર પર તૈયાર રાખવામાં આવશે. આ મિસાઇલની મારક ક્ષમતા પાંચ હજાર કિલોમીટરની હશે. વિશ્વમાં થોડાં જ એવાં શહેર છે જેની સુરક્ષા માટે મિસાઇલ સુરક્ષા કવચ છે. આ શહેર છે વૉશિંગ્ટન, બેઇજિંગ, પેરિસ, લંડન અને તલ અવીવ.

- **ભારતીય પર્વતારોહક મલ્લી મસ્તાન બાબુનું નિધન**

  ભારતના શીર્ષ પર્વતારોહક મલ્લી મસ્તાન બાબુ એન્ડિઝ પર્વતમાળામાં મૃત મળી આવ્યા. મસ્તાન બાબુ એન્ડિઝ પર્વતમાળામાં પર્વતારોહણ દરમિયાન 24 માર્ચથી ગુમ હતા. બાબુના પર્વતારોહણ શરૂ કર્યા પછી તરત જ હવામાન ખરાબ થયું હતું. મલ્લી મસ્તાન બાબુ ભારતના એક ટોચના પર્વતારોહી હતા. તેઓ વિશ્વમાં 'સૌથી ઝડપથી સાત શિખરો સર કરનારા' પર્વતારોહક હતા. તેઓ એન્ટાર્કટિકાના સૌથી ઊંચા શિખર માઉન્ટ વિન્સન મેસિફને સર કરનારા પ્રથમ ભારતીય અને એવરેસ્ટ સર કરનારા આંધ્ર પ્રદેશના પ્રથમ વ્યક્તિ હતા.

- **ભારતી એકસા જનરલ ઇન્સ્યોરન્સે સ્માર્ટ ટ્રાવેલરની શરૂઆત કરી**

  ભારતી એકસા જનરલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડે સ્માર્ટ ટ્રાવેલર નામની વીમા સેવાની શરૂઆત કરી. તેના હેઠળ વિદ્યાર્થીઓ, વ્યક્તિઓ, પરિવારો અને પ્રવાસીઓને વૈશ્વિક કવરેજ આપવામાં આવશે. ભારતી એકસા વિવિધ પ્રવાસીઓ માટે વ્યાપક અને સસ્તી આંતરરાષ્ટ્રીય યાત્રા વીમા સેવા આપશે.

- **કેસરીનાથ ત્રિપાઠીએ મિઝોરમના રાજ્યપાલ પદના શપથ લીધા**

  પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ મિઝોરમના રાજ્યપાલ (વધારાનો હવાલો) પદના શપથ લીધા. તેમણે અઝીઝ કુરેશીનું સ્થાન લીધું.

- **ડોપ ટેસ્ટમાં પૉઝિટિવ મળી આવતાં 21 વેઇટલિફ્ટર સસ્પેન્ડ**

  ઇન્ડિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશને ડોપ ટેસ્ટમાં પૉઝિટિવ મળી આવતાં 21 વેઇટલિફ્ટરોને સસ્પેન્ડ કર્યાં. IWFએ દિલ્હી, પંજાબ અને હરિયાણા પર એક વર્ષનો પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે, જ્યાંથી સૌથી વધુ ડોપિંગ દોષિત મળી આવ્યા છે. આ પ્રદેશોના વેઇટલિફ્ટર પ્રતિબંધના સમયગાળા સુધી કોઈ કૉમ્પિટિશનમાં ભાગ નહીં લઈ શકે.

- **કેન્યાની ગરીસા યુનિવર્સિટીમાં આતંકવાદી હુમલામાં 147 વિદ્યાર્થીઓનાં મૃત્યુ**

  કેન્યાની ગરીસા વિશ્વવિદ્યાલયમાં થયેલા આતંકવાદી હુમલામાં 147 વિદ્યાર્થીઓના મૃત્યુ થયાં. સોમાલિયાના શબાબ ઇસ્લામી આતંકી ગ્રુપ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો.

www.crackgpsc.com

- **20મી અને 21મી મદ્રાસ બટાલિયન પ્રેસિડેન્ટ કલર સન્માનથી સન્માનિત**

  સેના પ્રમુખ દલબીરસિંઘે મદ્રાસ રેજીમેન્ટની 20મી અને 21મી મદ્રાસ બટાલિયનને પ્રેસિડેન્ટ કલર સન્માનથી સન્માનિત કરી. આ સન્માન બંને બટાલિયનોને તેમની દેશ માટે પ્રશંસનીય સેવાના સન્માન તરીકે આપવામાં આવ્યું.

- **મલેશિયા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપ**

  ચીનના ચેન લોન્ગ અને સ્પેનની કેરોલિના મારિને મલેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં અનુક્રમે પુરુષ તેમજ મહિલા એકલનો ખિતાબ જીત્યો. ચીનની લુઓ યિંગ અને લુઓ યુએ ટુર્નામેન્ટમાં મહિલા યુગલનો ખિતાબ જીત્યો. ચીનની ઝાંગ નાન અને ઝાઓ યુનલેઈએ મિશ્ર યુગલનો ખિતાબ જીત્યો.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'એર ક્વોલિટી ઇન્ડેક્સ' લૉન્ચ**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 'એર ક્વોલિટી ઇન્ડેક્સ' લૉન્ચ. આ ઇન્ડેક્સ દિલ્હી અને મુંબઈ સહિત દેશના 10 મોટા શહેરોમાં વાયુ પ્રદૂષણનું સ્તર જણાવશે. તેનાથી જાણવા મળશે કે હવા કેટલી શુદ્ધ કે ખરાબ છે. તેનાથી લોકોને એ પણ જાણવામાં સરળતા રહેશે કે હવા પ્રદૂષણનું સ્તર જો સામાન્ય છે તો શું કરવું જોઈએ અને જો ખરાબ અને બહુ ખરાબ છે તો તેની આરોગ્ય પર કેવી અસર થશે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશનના રિપોર્ટ મુજબ વિશ્વના સૌથી પ્રદુષિત 20 શહેરોમાંથી 13 ભારતમાં આવેલાં છે.

- **DGCE દ્વારા કેડબરી ઇન્ડિયા પર 570 કરોડ રૂપિયાની એકસાઈઝ પેનલ્ટી**

  DGCEI (Directorate General of Central Excise Intelligence)એ દેશના મોટા ચોકલેટ નિર્માતા કેડબરી ઇન્ડિયા લિમિટેડ પર 570 કરોડ રૂપિયાની એકસાઈઝ પેનલ્ટી લગાવી. કંપની પર હિમાચલ પ્રદેશમાં તેમના ઉત્પાદન એકમોમાં ટેક્સ ચોરીના કારણે આ પેનલ્ટી લગાવાઈ.

- **દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટે ગુણવત્તા ક્ષેત્રમાં ગોલ્ડન પીકૉક એવોર્ડ જીત્યો**

  દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે ગુણવત્તાના ક્ષેત્રમાં વર્ષ 2015નો ગોલ્ડન પીકૉક એવોર્ડ જીત્યો. દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ GMR ગ્રુપ, મલેશિયા એરપોર્ટ હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ અને એરપોર્ટ ઑથોરીટી ઓફ ઇન્ડિયાનું એક સંયુક્ત સાહસ છે.

- **રાજીવ શુક્લા IPL ગવર્નીંગ કાઉન્સિલના અધ્યક્ષ નિયુક્ત**

  BCCIએ રાજીવ શુક્લાને IPL ગવર્નીંગ કાઉન્સિલના અધ્યક્ષ નિયુક્ત કર્યા. રાજીવ શુક્લાએ રણજીબ બિસ્વાલનું સ્થાન લીધું. 2008થી 2013 સુધી IPL અધ્યક્ષ રહી ચુકેલા રાજીવ શુક્લાએ સ્પોટ ફિક્સિંગ મામલા બાદ  રાજીનામું આપ્યું હતું.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by...
એમ. કે. સર
87340 98198

www.crackgpsc.com

## ➢ 2nd week

- **બન્ડારૂ દત્તાત્રેયે ડિજિટલ ભારત પહેલની શરૂઆત કરી**

  કેન્દ્રિય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી બન્ડારૂ દત્તાત્રેયે ડિજિટલ ભારત પહેલ (NCTV- MIS પોર્ટલ)ની શરૂઆત કરી. આ પોર્ટલ ભારતમાં વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવાના કાર્યના માર્કેટીગમાં સુધારો કરવામાં સહાય કરશે.

- **મિયામી માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ 2015**

  સર્બિયાના નોવાક જોકોવિચે બ્રિટનના એન્ડી મુરેને હરાવી મિયામી માસ્ટર્સ ટેનિસ ખિતાબ જીત્યો. જોકોવિચ વિશ્વના પ્રથમ એવા ખેલાડી બન્યા જેમણે એક વર્ષમાં ઇન્ડિયન વેલ્સ અને મિયામી માસ્ટર્સ બંને ખિતાબ ત્રણ વખત જીત્યા હોય. અમેરિકાની સેરેના વિલિયમ્સે મહિલા એકલનો ખિતાબ જીત્યો. સેરેનાએ લગાતાર ત્રીજા વર્ષે મિયામી ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડીએ મિયામી ઓપન ટેનિસ મહિલા યુગલનો ખિતાબ જીત્યો.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુદ્રા બેંકની શરૂઆત કરી**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20000 કરોડ રૂપિયાના પ્રારંભિક ભંડોળ સાથે મુદ્રા બેંકની સ્થાપના કરી. મુદ્રાનો અર્થ 'માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ ફંડ રિફાઇનાન્સ એજન્સી' છે. આ બેંકનો હેતુ નાના વ્યવસાયીઓને ધિરાણની સુવિધા પૂરી પાડવાનો છે. આ બેંક દ્વારા 10 લાખ રૂપિયા સુધીની લૉન આપવામાં આવશે. વડાપ્રધાન મુદ્રા યોજના હેઠળ ત્રણ પ્રકારની લૉન આપવામાં આવશે જેને શિશુ, કિશોર, તરુણ નામ આપવામાં આવ્યું છે. શિશુ યોજના હેઠળ 50 હજાર સુધી, કિશોર યોજના હેઠળ 50 હજાર રૂપિયાથી 5 લાખ રૂપિયા સુધી અને તરુણ યોજના હેઠળ 5 લાખ રૂપિયાથી 10 લાખ રૂપિયા સુધીની લૉન આપવામાં આવશે. મુદ્રા બેંકથી દેશના લગભગ 5 કરોડ 77 લાખ નાના વેપારીઓને લાભ મળશે. સાથે જ મુદ્રા બેંક દ્વારા નાના ઉત્પાદન એકમો, દુકાનદારો, શાકવાળાઓ, સલૂનવાળાઓ વગેરેને પણ લૉન મળી શકશે.

- **બાંગ્લાદેશે સંશોધિત ભારત-બાંગ્લાદેશ વેપાર કરારને મંજૂરી આપી**

  બાંગ્લાદેશના મંત્રીમંડળે સંશોધિત ભારત-બાંગ્લાદેશ વેપારી કરારને મંજૂરી આપી. આ કરાર હેઠળ બંને દેશ ત્રીજા દેશને માલ મોકલવા માટે એક બીજાની જમીન અને જળમાર્ગોનો ઉપયોગ કરી શકશે. તે માટે તેમણે શુલ્ક ચુકવવું પડશે. બંને દેશો પરસ્પર ચર્ચા વિચારણા કરીને શુલ્ક નક્કી કરશે જે બંને દેશો માટે સરખું હશે. આનાથી બાંગ્લાદેશ, ભારતીય ક્ષેત્ર દ્વારા નેપાળ અને ભૂટાન માટે અને ભારત, બાંગ્લાદેશ દ્વારા મ્યાનમારને માલ મોકલી શકશે. આ કરારમાં નવી જોગવાઇ ઉમેરવામાં આવી છે. તે મુજબ બંને દેશો વચ્ચે સહમતિ હશે તો આ કરાર પાંચ વર્ષ પછી આપોઆપ નવીનકૃત થઇ જશે. બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીના છે.

- **ગુજરાતે સૈયદ મુશ્તાક અલી T-20 ટ્રોફી જીતી**

ગુજરાત ક્રિકેટ ટીમે પંજાબને હરાવી સૈયદ મુશ્તાક અલી ટ્વેન્ટી-20 ટ્રોફી જીતી. વિકેટ કીપર અને અણનમ બેટ્સમેન સ્મિત પટેલ દ્વારા બનાવેલા 50 રનના કારણે ગુજરાત બીજી વાર સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતવામાં સફળ રહ્યું.

- **સૈયદ મુશ્તાક અલી ટ્રોફી**

  સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ભારતમાં ટ્વેન્ટી-20 ક્રિકેટ તરીકે રમાતી સ્થાનિક ચેમ્પિયનશિપ છે. તેનું નામ પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર સૈયદ મુશ્તાક અલીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- **ટ્રાઇએ કરી રાષ્ટ્રીય સ્તરે નવા આપાતકાલીન નંબર '112'ની ભલામણ**

  ટ્રાઇએ (Telecom Regulatory Authority of India-TRAI) તમામ પ્રકારની ઇમર્જન્સી સેવાઓ માટે એક જ આપાતકાલીન નંબર '112'ને અમલમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો. હવે આ નંબર પર ફોન કરી પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ જેવી તમામ જરૂરી અને જીવનરક્ષક સેવાઓ મેળવી શકાશે. તેની ખાસિયત એ છે કે લોકો 112 પર બંધ થઇ ગયેલા મોબાઇલ અને લેન્ડલાઇન ફોનથી પણ કૉલ કરી શકશે અને તેમાં 100, 101, 102 અને 108 નંબર પર મળતી સેવાઓનો વિલય કરાશે. અમેરિકામાં આ પ્રકારની વ્યવસ્થા પહેલાંથી જ છે. ત્યાં તમામ પ્રકારની આપાતકાલીન સેવાઓ માટે 911 નંબર છે.

- **ડૉ. માયિલસામી અન્નાદુર ઇસરો ઉપગ્રહ કેન્દ્રના નિર્દેશક નિયુક્ત**

  ડૉ. માયિલસામી અન્નાદુરની ઇસરો ઉપગ્રહ કેન્દ્ર બેંગલુરુ, કર્ણાટકના નિર્દેશક તરીકે નિમણૂંક કરવામાં આવી. તેઓ 1992 થી 2005 સુધી ઇસરોના ઇનસેટ મિશનના નિર્દેશક રહેલ છે. ડૉ. અન્નાદુરે ભારતના પ્રથમ ચંદ્ર મિશન 'ચંદ્રયાન 1' અને 'ચંદ્રયાન 2'માં પ્રોજેક્ટ ડીરેક્ટર તરીકે પણ તેમની સેવાઓ આપી છે. ડૉ. અન્નાદુરે ભારતના પ્રથમ મંગળ મિશન 'મંગળયાન'ના કાર્યક્રમ નિર્દેશક તરીકે પણ કાર્ય કર્યુ છે.

- **PCI પ્રેસિડેન્ટ રાજેશ તોમર પેરા એથ્લેટિક્સ ગેમ્સમાં ગેરવહીવટને કારણે સસ્પેન્ડ**

  ભારતીય પેરાલમ્પિક સમિતિના (Paralympic Committee of India-PCI) અધ્યક્ષ રાજેશ તોમરને સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેમના પર 15મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મોટા પાયે ગેરવહીવટનો આરોપ લગાવવામાં આવ્યો છે.

- **પિલપંતરી ગામે એક વિશિષ્ટ પરંપરાનું સર્જન કર્યું**

  દક્ષિણ રાજસ્થાનના એક ગામે મહિલા સન્માન અને પર્યાવરણ સુરક્ષાની દિશામાં એક નવું ઉદાહરણ આપ્યું છે. રાજસમંદ જીલ્લાના પિલપંતરી નામના ગામમાં બાળકીના જન્મ પર એકસો અગિયાર વૃક્ષ રોપવાની પરંપરા છે. ગામના ભૂતપૂર્વ સરપંચ શ્યામ સુંદર પાલિવાલે સન્ 2006માં પ્રથમ વખત તેમની પુત્રીની યાદમાં વૃક્ષ રોપ્યાં જેનું થોડા જ મહિના પહેલાં અવસાન થયું હતું. ત્યારથી બાળકીના જન્મ સમયે વૃક્ષ રોપવાની પરંપરાનો જન્મ થયો. છેલ્લાં 6 વર્ષોમાં આ વિસ્તારમાં અઢી લાખથી પણ વધુનું વૃક્ષારોપણ થયું છે.



www.crackgpsc.com

- **છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલાઓ પણ ભથ્થું મેળવવા માટે હકદાર: સુપ્રીમ કોર્ટ**

  ભારતની સુપ્રીમ કોર્ટ અનુસાર CRPC (Criminal Procedure Code-CrPC)ની કલમ 125 હેઠળ છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલાઓને તેમના અગાઉના પતિ પાસેથી ભથ્થું માંગવાનો હક છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનું મહત્વ એટલા માટે છે કે તેનાથી એ સ્પષ્ટ થાય છે કે દેશનો નાગરિક કાયદો કોઈ પણ ખાનગી કાયદાથી વધુ મજબૂત છે.

- **ગૂગલે પ્રાઇસવોટર હાઉસકૂપર્સની સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી**

  ઑનલાઇન સર્ચ દિગ્ગજ ગૂગલે ડિજિટલ ઇન્ડિયા પ્રોજેક્ટ અને મોટા ઔદ્યોગિક સોદાને લક્ષમાં રાખીને સલાહકાર કંપની પ્રાઇસવોટર હાઉસકૂપર્સની સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી. ભારતીય ભાગીદારી સાથે ગૂગલ પોતાને ઈ-ગવર્નેન્સ પરિયોજનાઓમાં સામેલ કરવા માંગે છે અને ભારતમાં તેમની ક્લાઉડ સેવાઓના વેચાણમાં સુધારો લાવવા માંગે છે.

- **SRTMIની સ્થાપના માટે સ્ટીલ કંપનીઓની સ્ટીલ મંત્રાલય સાથે ભાગીદારી**

  ભારતની મુખ્ય સ્ટીલ કંપનીઓએ નવી દિલ્હીમાં કેન્દ્રિય સ્ટીલ મંત્રાલય સાથે સ્ટીલ રિસર્ચ એન્ડ ટેકનોલૉજી મિશન ઑફ ઇન્ડિયા (Steel Research and Technology Mission of India-SRTMI)ની સ્થાપના માટે એક MOU પર હસ્તાક્ષર કર્યા. SRTMIનો પ્રાથમિક હેતુ સ્ટીલ ક્ષેત્રમાં રાષ્ટ્રીય મહત્વના પ્રાથમિક ક્ષેત્રોમાં મંત્રાલય અને સ્ટીલ ઉદ્યોગો વચ્ચે સહયોગાત્મક સંશોધન અને વિકાસ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાનો છે. આ મિશનની સ્થાપના કેન્દ્ર સરકારની મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ કરવામાં આવી છે.

- **કેન્દ્ર સરકારે રંગના આધાર પર ઉદ્યોગોનું વર્ગીકરણ કર્યું**

  કેન્દ્રિય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે ઉદ્યોગોને તેમની પ્રદૂષણ કરવાની ક્ષમતાના આધારે વર્ગીકૃત કરવાના હેતુથી એક રંગ કોડ આધારિત સિસ્ટમનો પ્રસ્તાવ મૂક્યો. લાલ રંગ: ઉદ્યોગ ક્ષેત્રો જેનો અંક 60 અને તેનાથી વધુ છે. નારંગી રંગ: ઉદ્યોગ ક્ષેત્રો જેમનો અંક 30થી 59 સુધી હોય. લીલો રંગ: ઉદ્યોગ ક્ષેત્રો જેમનો અંક 15થી 29 સુધી હોય. 15થી નીચે સ્કોર કરનારા ઔદ્યોગિક ક્ષેત્રોને સફેદ રંગથી દર્શાવવામાં આવશે જેનો અર્થ થશે કે તે પર્યાવરણને અનુકૂળ છે.

- **10 વર્ષ જૂના ડીઝલ વાહનો પર દિલ્હી અને NCRમાં પ્રવેશ પર પ્રતિબંધ**

  દિલ્હીમાં પ્રદૂષણના વધતા જતા સ્તરને ધ્યાનમાં રાખીને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (National Green Tribunal-NGT) 10 વર્ષથી જૂનાં ડીઝલ વાહનો પર દિલ્હી અને NCRમાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો. આ પહેલાં ગયા વર્ષે NGT 15 વર્ષ જૂની પેટ્રોલ કારોને દિલ્હીના માર્ગો પર લાવવા માટે પ્રતિબંધ લગાવી ચૂકી છે.

- **વિશ્વની સૌથી વધુ વૃદ્ધ મહિલા ગર્ટ્રુડ વીવરનું નિધન**

www.crackgpsc.com

વિશ્વની સૌથી વધુ વૃદ્ધની મહિલા અમેરિકાની ગર્ટ્રુડ વીવરનું 116 વર્ષની ઉંમરે અવસાન થયું. હવે વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ જેરાલીન ટેલી છે.

- **શ્રીલંકાએ પાકિસ્તાન સાથે છ કરાર પર હસ્તાક્ષર કર્યાં**

  શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સહયોગ સંબંધી કરારો સહિત છ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ કરાર પાકિસ્તાનની મુલાકાતે આવેલા શ્રીલંકન રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરિસેના અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફની વચ્ચે થયેલ ચર્ચા પછી કરવામાં આવ્યા.

- **વર્લ્ડ હેલ્થ ડેના દિવસે મિશન ઇન્દ્રધનુષની શરૂઆત**

  કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ વિભાગે વિશ્વ આરોગ્ય દિવસ (7 એપ્રિલ 2015)ના દિવસે મિશન ઇન્દ્રધનુષ શરૂ કર્યું. તેમાં 2 વર્ષ સુધીનાં બાળકો સહિત સગર્ભા સ્ત્રીઓને પણ સાત પ્રકારની બીમારીઓથી બચાવવા માટે રસી આપવામાં આવશે. આ મિશન હેઠળ BCG, DPT, ટેટનસ, હિપેટાઇટિસ B, HIV, મલેરિયા અને ઓરી (મિઝલ્સ)ની રસી આપવામાં આવશે. આ મિશન સમગ્ર ભારતમાં કુલ 201 જીલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યું.

- **પ્રથમ સ્વદેશી સ્કોર્પિયન સબમરીન 'કલવરી'નું જલાવતરણ**

  દેશમાં બનેલી પ્રથમ સ્વદેશી સબમરીનનું મહારાષ્ટ્રના મઝગાંવ ડૉકયાર્ડ લિમિટેડ (MDL) પર જલાવતરણ કરવામાં આવ્યું. આ સબમરીનને કલવરી નામ આપવામાં આવ્યું છે. આ સબમરીન ભારતીય નૌકાદળની પરિયોજના 'પરિયોજના 75' હેઠળ તૈયાર કરવામાં આવી છે. આ સબમરીન ફ્રાન્સની ટેકનિકલ મદદથી બનાવવામાં આવી છે. તે પાણીની અંદર અને પાણીની સપાટીથી પ્રહાર કરવામાં સક્ષમ છે. આ સબમરીનના નિર્માણમાં ખાસ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી તે વધુ બળ સહન કરવામાં અને પાણીમાં ઊંડે સુધી જઈ શકવામાં સક્ષમ છે.

- **પ્રતાપ સિંઘે કૉસ્મિક-રે પ્રોજેક્ટ માટે ભૌતિકી સંસ્થાન પુરસ્કાર જીત્યો**

  ભારતીય મૂળના 15 વર્ષના વિદ્યાર્થી પ્રતાપ સિંઘને યુનાઇટેડ કિંગડમમાં 500 પાઉન્ડના ભૌતિકી સંસ્થાન પુરસ્કાર (Institute of Physics-IOP)થી નવાજવામાં આવ્યા. આ પુરસ્કાર આલ્બર્ટ આઇનસ્ટાઇનના વિશેષ સાપેક્ષતા સિદ્ધાંતને પ્રયોગ દ્વારા સત્યાપિત કરવાના કારણે આપવામાં આવ્યો.

- **સત્યમ કૌભાંડમાં બી રામલિંગા રાજુને સાત વર્ષની કેદ**

  સત્યમ કૌભાંડમાં હૈદરાબાદની વિશેષ અદાલતે કંપનીના ભૂતપૂર્વ ચેરમેન બી રામલિંગા રાજુને સાત વર્ષની જેલની સજા ફરમાવી. અદાલતે રાજુ પર પાંચ કરોડ રૂપિયાનો દંડ પણ કર્યો.




www.crackgpsc.com

- **ડૉ. ગોપાલ દાસ નીરજ અને ડૉ. ઉદય પ્રતાપ સિંઘને સાહિત્ય શિરોમણી સન્માન**

  'સાહિત્ય શિરોમણી' સન્માન માટે કવિ ડૉ. ગોપાલ દાસ 'નીરજ' તેમજ સાહિત્યકાર ડૉ. ઉદય પ્રતાપ સિંઘની પસંદગી કરવામાં આવી. તેમની પસંદગી તેમના દ્વારા કરાયેલ આજીવન સાહિત્ય સેવા માટે કરવામાં આવી.

- **ભારત અને અમેરિકા વચ્ચે પરિવહન ક્ષેત્રે સહયોગ માટે હસ્તાક્ષર**

  ભારત અને અમેરિકા વચ્ચે પરિવહન ક્ષેત્રે સહયોગના MOC (Memorandum of Cooperation) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ પહેલથી ભારત જળમાર્ગો અને બહુવિધ કેન્દ્રોને વિકસાવવા જેવી પરિયોજનાઓ માટે અમેરિકા પાસે ઉપલબ્ધ આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરી શકશે.

- **'ફેમ ઇન્ડિયા' સ્કીમની શરૂઆત**

  કેન્દ્રિય 'હેવી ઇન્ડસ્ટ્રીઝ એન્ડ પબ્લિક એન્ટરપ્રાઈઝ' મંત્રી અનંત ગીતેએ ભારતમાં વિદ્યુત વાહનોના ઝડપી સ્વીકાર અને નિર્માણની સ્કીમ 'ફેમ ઇન્ડિયા'ની શરૂઆત કરી. આ યોજનાનો મુખ્ય હેતુ પરિવહન માટે ઊર્જાના પર્યાવરણને અનુકૂળ અને વ્યાજબી વૈકલ્પિક સ્રોતોને સ્વીકારવા તેમજ ભારતમાં હાઇબ્રિડ અને વિદ્યુત વાહનોના ઝડપી સ્વીકાર અને તેના નિર્માણ પર ભાર આપવાનો છે.

- **સુમિત મજૂમદાર ભારતીય ઉદ્યોગ પરિસંઘના નવા અધ્યક્ષ નિયુક્ત**

  સુમિત મજૂમદારની વર્ષ 2015-16 માટે ભારતીય ઉદ્યોગ પરિસંઘ (Confederation of Indian Industry-CII)ના અધ્યક્ષ તરીકે નિમણુક કરવામાં આવી. સુમિત મજૂમદાર TIL લિમિટેડના અધ્યક્ષ અને MD છે. તેઓ અજય શ્રીરામનું સ્થાન લેશે જેઓ DCM શ્રીરામ કન્સોલિડેટેડ લિમિટેડના અધ્યક્ષ છે. આની સાથે જ શોભના કમિનેનીને વર્ષ 2015-16 માટે CIIના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. તેઓ એપોલો હૉસ્પિટલ એન્ટરપ્રાઇઝીસ લિમિટેડનાં કાર્યકારી ઉપાધ્યક્ષ છે.

- **સ્નેપડીલે ફ્રીચાર્જનું અધિગ્રહણ કર્યું**

  ઈ-કૉમર્સની અગ્રણ્ય કંપની સ્નેપડીલે મોબાઇલથી જોડાયેલ લેવડ દેવડ કરતી વેબસાઇટ ફ્રીચાર્જનું અધિગ્રહણ કર્યું. તે સાથે જ સ્નેપડીલ 40 લાખ યુઝર્સ સાથે ભારતની સૌથી મોટી મોબાઇલ કોમર્શિયલ ફર્મ બની ગઈ. હવે સ્નેપડીલ મોબાઇલ રિચાર્જ અને બિલની ચૂકવણી જેવી સેવા પણ આપશે. સ્નેપડીલ કંપની 2010માં કુનાલ બહલ અને રોહિત બંસલ દ્વારા સ્થાપવામાં આવી હતી. ફ્રીચાર્જ કુનાલ શાહ અને સંદીપ ટંડન દ્વારા 2010માં સ્થાપવામાં આવી હતી.

- **ઉદ્યોગોની મંજૂરી સરળ કરવા માટે અજય શંકર સમિતિની રચના**




www.crackgpsc.com

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ઉદ્યોગોની સ્થાપના માટે સરળ રીતે નિયમ અનુસરણના ઉપાયો સૂચવવા માટે અજય શંકરની આગેવાનીમાં એક નિષ્ણાત સમિતિની રચના કરી. નિષ્ણાત સમિતિએ પોતાનો રિપોર્ટ 30 દિવસમાં રજૂ કરવાનો છે.

- **રિયલ એસ્ટેટ (રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ) બિલ 2013માં સુધારાને મંજુરી**

  કેન્દ્રિય મંત્રીમંડળે રિયલ એસ્ટેટ (રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ) બિલ 2013માં સુધારાને મંજૂરી આપી. આ બિલનો હેતુ રિયલ એસ્ટેટ ક્ષેત્રે થતી ગેરરીતિઓ અને છેતરપિંડી અટકાવવાનો છે. આ બિલ હજુ રાજ્યસભામાં પેન્ડીંગ છે.

- **કેન્દ્રિય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું 6 ટકા વધ્યું**

  મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોનું મોંઘવારી ભથ્થું 1 જાન્યુઆરી 2015થી 6 ટકા વધારવાનો નિર્ણય કર્યો. આનાથી મોંઘવારી ભથ્થું વધીને 113 ટકા થઈ ગયું.

- **સુપ્રીમ કૉર્ટે જીસસ ક્રાઇસ્ટ સુપરસ્ટારના પ્રદર્શન પર મુકાયેલ પ્રતિબંધ દૂર કર્યો**

  સુપ્રીમ કૉર્ટે સંગીતમય નાટક જીસસ ક્રાઇસ્ટ સુપરસ્ટારના પ્રદર્શન પર કોટ્ટાયમ કલેક્ટર દ્વારા 1990માં મુકાયેલ પ્રતિબંધ રદ્ કર્યો. જીસસ ક્રાઇસ્ટ સુપરસ્ટાર 1970માં બનાવેલો એક રૉક સંગીત આલ્બમ છે. આ સાહિત્યિક વ્યાખ્યાન ગોસ્પેલના વર્ણવ્યા મુજબ ઇસુના જીવનના છેલ્લા અઠવાડીયા પર આધારિત છે. આ નાટકના પ્રદર્શનને પડકારનાર ખ્રિસ્તી સંસ્થાઓનું માનવું છે કે ઇસુ નિર્દોષ અને ઈશ્વરના પ્રતિનિધિ છે તથા તેનું પ્રદર્શન ખ્રિસ્તી ધર્મના વિશ્વાસની વિરુદ્ધ છે.

- **સમગ્ર વિશ્વમાં 7 એપ્રિલના દિવસે વર્લ્ડ હેલ્થ ડે ઉજવવામાં આવ્યો**

  સમગ્ર વિશ્વમાં 7 એપ્રિલ 2015ના દિવસે વિશ્વ આરોગ્ય દિવસ ઉજવવામાં આવ્યો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વર્ષ 2015ના વિશ્વ આરોગ્ય દિવસનો વિષય From farm to plate, make food safe રાખ્યો. WHO દ્વારા વર્ષ 2014ના વિશ્વ આરોગ્ય દિવસના પ્રસંગે રજૂ કરેલું સૂત્ર છે - નાનો ડંખ મોટો ખતરો, જેની મુખ્ય થીમ છે, વેક્ટર એટલે કે મચ્છરો-માખીઓથી થતી બીમારીઓ પર અંકુશ લગાવવો. વિશ્વ આરોગ્ય દિવસના પ્રસંગે બાળકોને 7 જીવલેણ બીમારીઓથી બચાવવા માટે સમગ્ર દેશમાં ‘ઇન્દ્રધનુષ’ નામનું રસીકરણ અભિયાન શરૂ કરાયું.

- **વર્લ્ડ હેલ્થ ડેની શરૂઆત**

  સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સી ‘વિશ્વ આરોગ્ય સંગઠન’ની સ્થાપના 7 એપ્રિલ 1948ના દિવસે થઈ હતી. માટે 7 એપ્રિલનો દિવસ ‘વર્લ્ડ હેલ્થ ડે’ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. પ્રથમ ‘વર્લ્ડ હેલ્થ ડે’ 7 એપ્રિલ 1950ના દિવસે ઉજવવામાં આવ્યો હતો.

- **વિશ્વ આરોગ્ય સંગઠનથી જોડાયેલ મુખ્ય તથ્ય**

  વિશ્વ આરોગ્ય સંગઠન (World Healt Organization-WHO)ની સ્થાપના 7 એપ્રિલ 1948ના દિવસે સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા શહેરમાં થઈ, જ્યાં હાલમાં આ સંસ્થાનું મુખ્યાલય પણ છે. વિશ્વ આરોગ્ય સંગઠનનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વના લોકોનું આરોગ્ય સ્તર ઊંચું રાખવાનો છે. WHOની

www.crackgpsc.com

સ્થાપનાના પ્રસ્તાવને 22 જુલાઈ 1946ના દિવસે સંયુક્ત રાષ્ટ્રના તત્કાલીન તમામ 61 સભ્ય દેશોએ સહમતિ આપી હતી. વર્ષ 2014 સુધી વિશ્વ આરોગ્ય સંગઠનના સભ્ય દેશોની સંખ્યા 194 હતી. તેની સ્થાપનાથી લઈને અત્યાર સુધી WHOએ ઘણી જીવલેણ બિમારીઓ અને શીતળા જેવી ગંભીર બિમારીઓને નાબૂદ કરવામાં નોંધપાત્ર પગલાં લીધાં છે. હાલ સંગઠનનું ખાસ ધ્યાન ટીબી, કેન્સર અને HIV જેવી મોટી બીમારીઓ પર છે. WHOના કાર્યક્ષેત્રમાં જાતીય રોગો, પોષણ અને ખાદ્ય સુરક્ષા સંબંધી બિમારીઓ પણ સામેલ છે.

- **અલી અહમદની કુમારન અસન પુરસ્કાર માટે પસંદગી**

સિરિયન કવિ, નિબંધકાર અને અનુવાદક અલી અહમદની કુમારન અસન પુરસ્કાર 2015 માટે પસંદગી કરાઈ. તેઓ કાવ્ય જગતમાં એડોનિસ નામથી પણ જાણીતા છે. એડોનિસનો અર્થ ગ્રીક પૌરાણિક કથાઓમાં સુંદર વ્યક્તિ થાય છે. બિનસાંપ્રદાયિક અને રાષ્ટ્રવાદી હોવાને કારણે તેમને ઘણી વખત જેલ જવું પડ્યું. તેમને આરબ જગતમાં મહાન કવિ તરીકે ઓળખવામાં આવે છે. પોતાના લેખનને કારણે તેઓ ઘણી વાર નોબેલ પુરસ્કાર માટે પણ નામાંકિત થયા. કુમારન અસન પુરસ્કાર ચેન્નાઈના 'કુમારન અસન મેમોરિયલ એસોસિએશન' દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરના કવિઓને સન્માનિત કરવા માટે આપવામાં આવે છે.

- **ડૉ. નસિમ ઝૈદી ભારતના 20મા મુખ્ય ચૂંટણી કમિશનર નિયુક્ત**

ડૉ. નસિમ ઝૈદીને ભારતના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર નિયુક્ત કરવામાં આવ્યા. ડૉ. નસિમ ઝૈદીએ હરીશંકર બ્રહ્માનું સ્થાન લીધું. ડૉ. નસિમ ઝૈદી 19 એપ્રિલ 2015ના રોજ પદભાર સંભાળશે. વ્યક્તિ તરીકે ડૉ. નસિમ ઝૈદી ભારતના 20મા મુખ્ય ચૂંટણી કમિશનર છે. ભારતના બંધારણની કલમ 324(2) હેઠળ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિયુક્તિનો અધિકાર ભારતના રાષ્ટ્રપતિને છે. બંધારણની કલમ 324(2) મુખ્ય ચૂંટણી કમિશનર સિવાય સમયે સમયે ચૂંટણી કમિશનરોની સંખ્યા નક્કી કરવાનો અધિકાર પણ ભારતના રાષ્ટ્રપતિને આપે છે. મુખ્ય ચૂંટણી કમિશનર અથવા ચૂંટણી કમિશનર તેમના પદનો કાર્યભાર સંભાળવાની તારીખથી 6 વર્ષની મુદત માટે કે પાંસઠ વર્ષની ઉંમર સુધી પદસ્થ રહે છે. ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર સુકુમાર સેન હતા.



- **ભરત હરિ સિંઘાનિયા જે કે કંપની ગ્રુપના અધ્યક્ષ નિયુક્ત**

ભરત હરિ સિંઘાનિયા જે કે કંપની ગ્રુપના અધ્યક્ષ નિયુક્ત. ભરત હરિ સિંઘાનિયા પાંચ દાયકા કરતાં વધુ સમયથી કંપનીનું કામકાજ જોઈ રહ્યા હતા. તેઓ જે કે પેપર, જે કે લક્ષ્મી સિમેન્ટ તથા ગ્રુપની અન્ય કંપનીઓના પણ અધ્યક્ષ છે. તેઓ જયપુરના 'જે કે લક્ષ્મીપત વિશ્વવિદ્યાલય'ના કુલાધિપતિ પણ છે. 125 વર્ષ જૂના જે કે ગ્રુપનો કારોબાર 100 દેશોમાં ફેલાયેલો છે.

- **કેન્દ્ર સરકારે 'ગ્રીનપીસ'ની વિદેશી સહાય પર પ્રતિબંધ મુક્યો**

કેન્દ્ર સરકારે વિકાસ યોજનાઓની વિરુદ્ધ માહોલ બનાવવાના આરોપોમાં ઘેરાયેલ આંતરરાષ્ટ્રીય NGO 'ગ્રીનપીસ' ની વિદેશી સહાય પર પ્રતિબંધ લગાવ્યો. ગૃહ મંત્રાલય અનુસાર 'ગ્રીનપીસ' દ્વારા વિદેશી સહાયના થતા દુરુપયોગના પુરાવા મળ્યા પછી આ પગલું ભરવામાં આવ્યું. ભારતમાં ગ્રીનપીસનાં સાત બેંક ખાતાઓને પણ તાત્કાલિક જપ્ત કરવામાં આવ્યાં.

- **આયુષ્યમાન ખુરાના 'વિંગ્સ ફોર લાઇફ વર્લ્ડ રન'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત**

ફિલ્મ અભિનેતા આયુષ્યમાન ખુરાના 'વિંગ્સ ફોર લાઇફ વર્લ્ડ રન'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત. 'વિંગ્સ ફોર લાઇફ વર્લ્ડ રન'નું આયોજન 3 મે 2015ના દિવસે થશે. આ ચેરિટી કાર્યક્રમનું આયોજન એવા લોકોને સમર્થન આપવા માટે કરવામાં આવે છે, જેઓની કરોડરજ્જુ ઇજાગ્રસ્ત હોય અને જેઓ સરળતાથી ચાલી શકતા ન હોય. આ દોડ એક સાથે છ ખંડો અને 35 દેશોમાં યોજવામાં આવશે. તેનું આયોજન હરિયાણા સરકાર અને હરિયાણા ઓલમ્પિક એસોસિએશનના નેજા હેઠળ થઈ રહ્યું છે.

- **ભારતીય વાયુ સેનાના ભૂતપૂર્વ એર ચીફ માર્શલ હૃષીકેશ મુલગાવકરનું નિધન**

ભારતીય વાયુ સેના (Indian Air Force-IAF)ના ભૂતપૂર્વ એર ચીફ માર્શલ હૃષીકેશ મુલગાવકરનું અવસાન થયું. મુલગાવકરને ભારતના પ્રથમ સ્વતંત્રતા દિવસ 15 ઑગસ્ટ 1947 તથા પ્રજાસત્તાક દિવસ 26 જાન્યુઆરી 1951માં ફ્લાય પાસ્ટનું નેતૃત્વ કરવાનું ગૌરવ પ્રાપ્ત હતું.

- **1000 રૂપિયા ન્યૂનતમ માસિક પેન્શન યોજના મુલતવી રાખવાની ઘોષણા**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (Employees' Provident Fund Organisation-EPFO) 1,000 રૂપિયા ન્યૂનતમ માસિક પેન્શન યોજનાને મુલતવી રાખવાની જાહેરાત કરી. EPFOની 1,000 રૂપિયા માસિક પેન્શન યોજના, સપ્ટેમ્બર 2014માં લાગુ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ તે લોકોની પેન્શન રકમ વધારીને માસિક 1,000 રૂપિયા કરવામાં આવી હતી, જેને આનાથી ઓછું પેન્શન મળતું હતું. આ યોજના સ્થગિત થવાથી લાભાર્થીઓને જૂના દરે પેન્શન મળશે.

- **તેલંગણા રાજ્યના નામ પર રાખવામાં આવ્યું કરોળિયાની પ્રજાતિનું નામ**

થેમોસાઇડ પરિવારથી સંબંધિત કરોળિયાનું નામ તેલંગાણા રાજ્યના નામ પર 'તેલંગાણા ક્રેબ સ્પાઇડર' રાખવામાં આવ્યું. આ કરોળિયાને ફૂલ કરોળિયાના નામથી પણ ઓળખવામાં આવે છે. કારણકે તે ફૂલોમાં રહેતા જંતુઓને તેનો શિકાર બનાવે છે. આ કરોળિયા પરંપરાગત કરોળિયાની જેમ જાળ બનાવતા નથી. તે અચાનક શિકાર પર હુમલો કરે છે અને ઝેરથી તેમને મારી નાંખે છે.

- **ફિફા દ્વારા પ્રસ્તુત વર્લ્ડ ફૂટબૉલ રેંન્કિંગમાં ભારત 147મા સ્થાને**

  'ફિફા' દ્વારા પ્રસ્તુત વર્લ્ડ ફૂટબૉલ રેંન્કિંગમાં ભારત 147મા સ્થાને રહ્યું. ફિફા દ્વારા જારી કરાયેલ આ રેંન્કિંગમાં જર્મની પોલ પોઝિશન (પ્રથમ સ્થાન) પર છે. આ રેંન્કિંગ અનુસાર એશિયન દેશોમાં ભારતનું 24મુ સ્થાન છે. બ્રાઝિલ પાંચમા સ્થાને પહોંચી ગયું છે.
- **ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન અને ક્રિકેટ કોમેન્ટેટર રિચી બેનૉડનું નિધન**

  ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન અને ક્રિકેટ કોમેન્ટેટર રિચી બેનૉડનું અવસાન થયું. રિચી બેનૉડને 'વૉઇસ ઑફ ક્રિકેટ' પણ કહેવામાં આવતા હતા.
- **'વિઝિટ કેરલા 2015' અભિયાનની શરૂઆત**

  કેરલ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે 'વિઝિટ કેરલ 2015' અભિયાનની શરૂઆત કરવામાં આવી. અભિયાન આયુર્વેદ, જવાબદાર પ્રવાસન અને મસાલા સહિત રાજ્યના પ્રવાસન ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે કેરલ સરકારની એક પહેલ છે.
- **આંગણવાડી કેન્દ્રોમાં સુધારા માટે રાજસ્થાન અને વેદાંતા ગ્રુપે કરાર કર્યો**

  રાજસ્થાન રાજ્ય સરકાર અને વેદાંતા ગ્રુપની કંપની હિંદુસ્તાન ઝિંકે પાંચ જીલ્લામાં 3056 આંગણવાડી કેન્દ્રોમાં સુધાર લાવવા માટે એક કરાર કર્યો. પસંદ કરાયેલ પાંચ જીલ્લા છે – ઉદયપુર, ચિત્તોડગઢ, ભિલવાડા, રાજસમંદ અને અજમેર.
- **દુઃખી ખેડૂતો માટે રાહત પગલાંની જાહેરાત**

  રવી ઋતુમાં કમોસમી વરસાદની પરિસ્થિતિને કારણે દુઃખી ખેડૂતોને રાહત આપવા માટે પ્રમુખ ઉપાયોની જાહેરાત. અનિશ્ચિત હવામાનની પરિસ્થિતિના કારણે જે ખેડૂતોની ખેતીને 33%નું પણ નુકસાન થયુ હોય તે પણ ઇનપુટ સબસિડીના હકદાર હશે. અત્યાર સુધી 50% નુકસાન થવા પર જ ખેડૂતોને આ સબસિડી મળતી હતી. પરેશાન ખેડૂતોને આપવામાં આવતી ઇનપુટ સબસિડીને વર્તમાન પ્રમાણના 50% સુધી વધારવામાં આવશે.
- **ભારતે નોંધાવ્યું પરમાણુ ઈંધણનું રેકૉર્ડ ઉત્પાદન**

  ભારતે પરમાણુ ઉદ્યોગમાં પરમાણુ ઈંધણનું રેકૉર્ડ ઉત્પાદન કરી મોટી સફળતા મેળવી. ભારતે યુરેનિયમ બંડલનું 1,252 મેટ્રિક ટન રેકૉર્ડ ઉત્પાદન નોંધાવ્યું છે. આ દેશમાં પરમાણુ રિએક્ટરોની ક્ષમતા વાર્ષિક ઈંધણ જરૂરિયાતોની લગભગ બે ગણી છે. હાલમાં ભારત પરમાણુ શક્તિથી 5780 મેગાવોટની આસપાસ વીજળી ઉત્પાદન કરે છે.

www.crackgpsc.com

- **ધનુષ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ**

ભારતે પરમાણુ શસ્ત્રોને લઈ જવામાં સક્ષમ ધનુષ મિસાઇલનું ઓરિસ્સાના બાલેશ્વર કિનારેથી સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. ધનુષ સ્વદેશી ટેકનિકથી બનેલ પૃથ્વી મિસાઇલનું નૌકા રૂપાંતર છે. તેની મારક ક્ષમતા 350 કિમી છે. તે 500 કિગ્રા સુધી પરમાણુ શસ્ત્ર લઈ જવામાં સક્ષમ છે. ધનુષ સપાટી તેમજ દરિયાઈ બંને જગ્યાએ આવેલા લક્ષ્યને ભેદી શકે છે.

- **સંયુક્ત રાષ્ટ્રની ચાર મહત્વની સહાયક સંસ્થાઓમાં ભારતની પસંદગી**

✓ ભારતની યુનિસેફના કારોબારી બૉર્ડમાં 13 અન્ય દેશોની સાથે પસંદગી થઇ. આનો કાર્યકાળ જાન્યુઆરી 2016થી ત્રણ વર્ષ માટે હશે.

✓ ભારતની વિશ્વ ખાદ્ય કાર્યક્રમના એક્ઝીક્યુટીવ બૉર્ડમાં પાંચ અન્ય દેશો સાથે 2016થી 2018 માટે પસંદગી. આ યોજના વર્ષમાં 80 દેશોમાં લગભગ નવ કરોડ લોકોને ખાદ્યઅનાજ પૂરું પાડે છે.

✓ ભારત CCPCJ (Commission on Crime Prevention and Criminal Justice) માટે પસંદ કરાયેલા 20 દેશોમાં સામેલ છે. આનો કાર્યકાળ 2016થી શરૂ થશે.

✓ ભારતને સંયુક્ત રાષ્ટ્ર માનવ વિકાસ કાર્યક્રમ (યુએન હેબિટેટ)ની સંચાલન પરિષદ માટે ફરીથી પસંદ કરવામાં આવ્યું. આનો કાર્યકાળ 2016થી 2019 સુધી રહેશે.

- **વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે ભારતની ક્રેડિટ રેટિંગમાં સુધારો કર્યો**

અમેરિકાની વૈશ્વિક રેટિંગ એજન્સી 'મૂડીઝે' ભારતની ક્રેડિટ રેટિંગમાં સુધારાની જાહેરાત કરી. જે મુજબ મૂડીઝે ભારતનું આઉટલુક સ્ટેબલથી વધારીને પૉઝિટિવ કર્યું. મૂડીઝે ભારતની BAA3 રેટિંગ જાળવી રાખી.

- **રાજ્ય પર્યાવરણ અને વન મંત્રી સંમેલનમાં પર્યાવરણ સુરક્ષાનો સંકલ્પ**

રાજ્ય પર્યાવરણ અને વન મંત્રી સંમેલન નવી દિલ્હીમાં આવેલા વિજ્ઞાન ભવનમાં સમાપ્ત થયું. સંમેલનનું સમાપન પર્યાવરણનું રક્ષણ કરવા સાથે વેપાર કરવામાં સરળતાથી સંબંધિત ઉપાયોને સ્વીકારવા અને તેમાં સુધારો કરવાના સંકલ્પ સાથે થયું.

- **રાજ્ય આપત્તિ રાહત કોષ માટે નિયમોમાં ફેરફાર**

કેન્દ્રિય ગૃહ મંત્રાલયે આપત્તિઓ સંબંધિત નિયમોમાં સુધારો કરવા માટે એક આદેશ બહાર પાડ્યો. રાજ્ય સરકારોને ફાળવેલ ભંડોળનો 10% ભાગ રાજ્ય આપત્તિ રાહત કોષ (State Disaster Relief Fund-SDRF) હેઠળ ઉપકરણો પર ખર્ચ કરવાની પરવાનગી અપાશે. ક્ષમતા નિર્માણ પર SDRFનો મહત્તમ 5% ભાગ ખર્ચ કરી શકાશે. રાજ્ય સરકારોને સ્થાનિક આપત્તિઓ પર તેમના SDRFના 10% સુધી ખર્ચ કરવાની પરવાનગી અપાશે. રાજ્ય સ્તરે રાજ્ય આપત્તિ રાહત કોષ (SDRF)ના બંધારણ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005ની કલમ 48(1) હેઠળ જોગવાઇ છે.

www.crackgpsc.com

- **સિયોલે ગ્લોબલ અર્થ અવર કેપિટલ 2015 અર્થ સિટી ચેલેન્જ જીતી**

સાઉથ કોરિયાની રાજધાની સિયોલે વર્લ્ડ વાઇલ્ડલાઇફ ફંડ (World Wildlife Fund-WWF) દ્વારા યોજાયેલ અર્થ અવર સિટી ચેલેન્જમાં ગ્લોબલ અર્થ અવર કેપિટલ 2015નો ખિતાબ જીત્યો. તેમાં 16 દેશોના 163 શહેરોએ ભાગ લીધો હતો. જળવાયુ પરિવર્તનથી નીપટવા માટે વ્યાપક અભિગમ અને પુન:પ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવાના પ્રયાસોના કારણે સિયોલને અર્થ અવર સિટી ચેલેન્જ જ્યૂરી દ્વારા વિજેતા પસંદ કરવામાં આવ્યું. ભારતના થાણેને રાષ્ટ્રીય અર્થ અવર કેપિટલ 2015 તરીકે નામાંકિત કરવામાં આવ્યું.

- **ભારત સામાજીક પ્રગતિ સૂચકાંકમાં 133 દેશોમાંથી 101મા ક્રમે**

અમેરિકાની NGO સોશિયલ પ્રોગ્રેસ ઇમ્પેરેટિવ દ્વારા પ્રકાશિત સામાજીક પ્રગતિ સૂચકાંક (Social Progress Index-SPI)માં 133 દેશોમાંથી ભારત 101મા સ્થાને રહ્યું. 2014માં ભારત 132 દેશોની યાદીમાં 102મા સ્થાન પર હતું. ટોચના પાંચ દેશોમાં નોર્વે, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, આઇસલેન્ડ, નેધરલેન્ડ અને ન્યુઝલેન્ડ છે. ગિની, અફઘાનિસ્તાન, ચાડ, મધ્ય આફ્રિકન ગણરાજ્ય છેલ્લા ક્રમે.

- **સાનિયા મિર્ઝા વિશ્વની પ્રથમ ક્રમની મહિલા યુગલ ખેલાડી બની**

ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ સ્વિટ્ઝર્લેન્ડની તેની જોડીદાર માર્ટિના હિંગિસની સાથે ફેમિલી સર્કલ કપના મહિલા યુગલનો ખિતાબ જીત્યો. આ જીત સાથે જ સાનિયા વિશ્વની નંબર એક મહિલા યુગલ ખેલાડી બની ગઈ. સાનિયા મિર્ઝા યુગલ કે એકલ કોઈ પણ વર્ગમાં સર્વોચ્ચ વિશ્વ ક્રમાંકન મેળવનારી પ્રથમ ભારતીય અને એથી અશિયન મહિલા ખેલાડી બની ગઈ.

- **પૉસ્કોને ખાણકામ લાઇસન્સ આપવાનો ઓરિસ્સાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકાર દ્વારા રદ્**

પૉસ્કોને ખાણકામ લાઇસન્સ આપવાનો ઓરિસ્સાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારે રદ્ કર્યો. આ સ્ટીલ પ્લાન્ટ ઓરિસ્સાના પારાદીપમાં બનાવવામાં આવે એવો પ્રસ્તાવ છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે અન્ય કંપનીઓની જેમ પૉસ્કોને પણ ખંડેર અને અન્ય ખાણોમાં ખાણકામ માટે ખુલ્લી બોલીમાં ભાગ લેવો પડશે.

- **IRENA ની નવમી બેઠકનું અધ્યક્ષ ભારત**

10 જૂન 2015થી શરૂ થતી IRENA (International Renewable Energy Agency) ની નવમી બેઠક માટે ભારતને અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યું. આ બેઠક સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં યોજવામાં આવશે.

- **આંતરરાષ્ટ્રીય પુન:પ્રાપ્ય ઊર્જા પરિષદ**

તેની સ્થાપના 26 જાન્યુઆરી 2009ના દિવસે આંતર-સરકારી સંસ્થા તરીકે વધુ સારી ઊર્જા ભવિષ્યના હેતુ સાથે કરવામાં આવી. તેના કુલ 140 સભ્યો છે જેમાં ભારત સ્થાપક સભ્ય તરીકે સામેલ છે. ઈરેનાના બે મુખ્ય બંધારણો છે, ઈરેના એસેમ્બલી અને ઈરેના કાઉન્સિલ. કાઉન્સિલ મોટા પાયે નિર્ણય લે છે અને તેને સંપૂર્ણ નીતિ નિર્દેશ આપે છે. પરિષદ સભાની મુખ્ય સંસ્થા છે

જે પરિષદના તમામ નિર્ણયો માટે જવાબદાર છે. કેન્યાના અદનાન જેડ અમીન તેના ડીરેક્ટર જનરલ છે.

- **રાજ્યપાલોને રાજ્યથી બહાર જવા લેવી પડશે રાષ્ટ્રપતિની મંજૂરી**

  કેન્દ્ર સરકારે રાજ્યપાલોને રાજ્યથી બહાર જવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી લેવાનો નિર્દેશ કર્યો. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ રાજ્યપાલોને તેમના રાજ્યોમાં વર્ષમાં ઓછામાં ઓછા 292 દિવસ રહેવું જોઈએ અને રાષ્ટ્રપતિની મંજૂરી વિના રાજ્યની બહાર જવું જોઈએ નહીં.

- **સુપ્રીમનો એસિડ હુમલાનો શિકાર બનેલા લોકો માટે મફત સારવાર આદેશ**

  ભારતીય સુપ્રીમ કોર્ટે તમામ ખાનગી હોસ્પિટલોને આદેશ આપ્યો છે કે તે એસિડ હુમલાના શિકાર લોકોની મફત તેમજ સંપૂર્ણ સારવાર કરે. આ નિર્ણય ભારતીય બંધારણની કલમ 32 હેઠળ દાખલ જાહેર હિત યાચિકા (Public Interest Litigation-PIL) લક્ષ્મી વિ. સંઘ હેઠળ આપવામાં આવ્યો.

- **ભારત ફ્રાન્સની વચ્ચે દ્વિપક્ષીય સહકારને નવો વેગ આપવા માટે કરાર**

  ભારત અને ફ્રાન્સે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહકારને નવો વેગ આપવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યાં. બંને દેશોએ સંરક્ષણ અને પરમાણુ ઊર્જા, અવકાશ, આર્થિક સંબંધો, રેલવે, ઊર્જા, પ્રવાસન, વિજ્ઞાન અને ટેક્નોલૉજી, કૌશલ્ય વિકાસ અને આયુર્વેદના ક્ષેત્રે સમજૂતી પર હસ્તાક્ષર કર્યાં. આ કરાર પર હસ્તાક્ષર નરેન્દ્ર મોદીની ફ્રાન્સની મુલાકાત દરમિયાન કરવામાં આવ્યા. સૌથી મોટો કરાર રાફેલ ફાઇટર જેટ માટે થયો. ભારત ફ્રાન્સ પાસેથી 36 રેડી ટુ ફ્લાય રાફેલ ફાઇટર જેટ ખરીદશે. L&T અને અરેવા ટેક્નોલૉજી ટ્રાન્સફર માટે MOU કરવામાં આવ્યા. ઇસરો અને CNESની વચ્ચે 3 MOU થયા. સેમી હાઈ સ્પીડ ટ્રેન માટે કરાર થયા. સ્ટુડન્ટ અને સ્કિલ્ડ વર્કરને વધુ વિઝા આપવા માટે પણ કરાર થયા. વિદ્યાર્થીઓ માટે VIE (વોલોનટ્રેટ ઇન્ટરનેશનલ એન એન્ટરપ્રાઇઝ-Volontariat International en Entreprise) સ્કીમ પર કરાર થયો જે ભારતીય વિદ્યાર્થીઓને ફ્રાન્સમાં અને ફ્રેન્ચ વિદ્યાર્થીઓને ભારતમાં 24 મહિના સુધી રોકાવાની મંજૂરી આપે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ ભારતમાં 2 અબજ યુરો (અંદાજે 1 અબજ ડૉલર)નું રોકાણ કરવાની જાહેરાત કરી. તેમણે ભારતની ત્રણ સ્માર્ટ સિટીમાં યોગદાન આપવા માટે પણ જાહેરાત કરી. જૈતાપુર પરિયોજના હેઠળ ફ્રાન્સની કંપની અરેવા છ પરમાણુ પ્લાન્ટ સ્થાપિત કરશે જેનાથી લગભગ 10 હજાર મેગાવોટ ક્ષમતાની વીજળી ઉત્પાદિત થશે. આ પરિયોજના વીજળી દરના તફાવતને કારણે ઘણાં સમય સુધી સ્થગિત હતી.




www.crackgpsc.com

## ➢ 3rd week

- **દિલ્હીમાં વાયુ પ્રદૂષણ માટે જવાબદાર બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ**

  નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (National Green Tribunal-NGT) તેવી તમામ બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો છે જેમાં 2010ના તત્કાલીન કેન્દ્રિય પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા દિશા-નિર્દેશોનું પાલન કરવામાં આવેલ નથી.

- **ગાંધીનગરમાં ભારતનું પ્રથમ IFSC ગિફ્ટ સિટી શરૂ**

  ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા સેન્ટર (IFSC- International Financial Services Centre)નું સંચાલન ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં શરૂ થયું. તેનાથી ગુજરાતની સાથે-સાથે દેશનું અર્થતંત્ર મજબૂત બનશે. અનાવરણ કરાયેલ નિયમોનું લક્ષ્ય દુબઈ અને સિંગાપુરની જેમ જ એક ગતિશીલ IFSC બનાવવાનું છે.

- **રૉયલ ડચ શેલ PIશ્રએ બી.જી. ગ્રુપને હસ્તગત કર્યું**

  રૉયલ ડચ શેલ PIશ્રએ અંદાજે 70 લાખ અમેરિકન ડૉલરમાં બી.જી. ગ્રુપને હસ્તગત કર્યું. LNG (liquid natural gas) એક ઠંડો કુદરતી ગેસ છે જેનો ઉપયોગ વીજ પુરવઠા અને ઘરોમાં હીટિંગ માટે કરવામાં આવે છે. આ હસ્તાંતરણ ચીન અને ભારત જેવા વિકાસશીલ દેશોમાં કોલસાને બદલે સ્વચ્છ કુદરતી ગેસને બળતણ તરીકે ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં પણ સહયોગી છે.

- **અપૂર્વી ચંદેલાએ 10 મીટર એર રાઇફલનો કાંસ્ય ચંદ્રક જીત્યો**

  ભારતીય નિશાનેબાજ અપૂર્વી ચંદેલાએ આંતરરાષ્ટ્રીય શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF-International Shooting Sport Federation)ના રાઇફલ/પિસ્તોલ વર્લ્ડ કપમાં મહિલાઓની 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો. આ જીત સાથે તે વર્ષ 2016માં બ્રાઝિલના રિયો ડી જાનેરિયોમાં યોજાનાર સમર ઓલમ્પિક માટે ક્વોલિફાઈ થનારી બીજી ભારતીય નિશાનેબાજ બની ગઈ.

- **બ્રિજભૂષણ શરણ સિંઘ ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષ નિયુક્ત**

  બ્રિજભૂષણ શરણ સિંઘ ચાર વર્ષના સમયગાળા માટે ભારતીય કુસ્તી મહાસંઘ (Wrestling Federation of India-WFI)ના અધ્યક્ષ તરીકે પુન:ચૂંટાયા. આઈ.ડી. નાણાવટી અને વી.એન. પ્રસૂદને અનુક્રમે વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને મહાસચિવ તરીકે ચૂંટવામાં આવ્યા. બ્રિજભૂષણ ઉત્તર પ્રદેશના ગોંડા સંસદીય વિસ્તારની ભારતીય જનતા પાર્ટીના સાંસદ છે.

- **બાબા રામદેવને હરિયાણા સરકાર દ્વારા કેબિનેટ મંત્રીનો દરજ્જો**

  હરિયાણા રાજ્યે યોગ ગુરુ બાબા રામદેવને કેબિનેટ મંત્રી સમાન દરજ્જો આપવાનો નિર્ણય કર્યો. સરકારે બાબા રામદેવની દેખરેખમાં રાજ્યમાં હર્બલ વન ક્ષેત્રનો વિકાસ કરવાનો નિર્ણય કર્યો.

www.crackgpsc.com

આ પ્રાકૃતિક વિસ્તારોમાં આયુર્વેદિક જડીબુટ્ટીઓની હજારો પ્રજાતિઓ ઉગાડવામાં આવશે. હરિયાણાની તમામ સ્કૂલોમાં યોગ એક ફરજિયાત વિષય હશે જે માટે બાબા રામદેવના માર્ગદર્શન હેઠળ રાજ્યના 6500 ગામોમાં યોગશાળાઓ શરુ કરવામાં આવશે. આ પહેલાં રાજ્ય સરકારે બાબા રામદેવને હરિયાણામાં યોગ અને આયુર્વેદને પ્રોત્સાહન આપવા માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા હતા.

- **યુક્રેનમાં નાઝીવાદનો પ્રચાર કરનારા સંગઠનો પર પ્રતિબંધ**

યુક્રેનની સંસદ, વેર્ખોવના રાડાએ સામ્યવાદ અને નાઝીવાદને પ્રતિબંધિત કરવા માટે એક કાયદો પસાર કર્યો. આ કાયદાનો હેતુ આવા અપરાધોને રોકવાનો તથા યુક્રેનના સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતા અને રાષ્ટ્રીય સુરક્ષા સામેના સંભવિત જોખમોને સમાપ્ત કરવાનો છે. તે સામ્યવાદ અને નાઝીવાદનો પ્રચાર કરનારા તમામ સંગઠનો, રાજકીય પક્ષો અથવા મીડિયા સંસ્થાઓને રોકે છે.

- **યુકી ભાંબરીએ ITF ઉઝ્બેકિસ્તાન F1 ફ્યુચર્સ એકલનો ખિતાબ જીત્યો**

ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભાંબરીએ ITF ઉઝ્બેકિસ્તાન F1 ફ્યુચર્સ એકલનો ખિતાબ જીતી લીધો. ફાઇનલમાં તેમણે સર્બિયાના ડિમિત્રી જારમોનને હરાવ્યાં.

- **1971 યુદ્ધના હિરો લેફ્ટેનન્ટ જનરલ હનુટ સિંઘનું નિધન**

1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન મહાવીર ચક્ર મેળવનાર અને નાયક લેફ્ટેનન્ટ જનરલ હનુટ સિંઘનું અવસાન થયું. લેફ્ટેનન્ટ જનરલ હનુટ સિંઘ, સંત જનરલ સિંઘના નામથી પણ લોકપ્રિય હતાં. નિવૃત્ત થયા પછી તેમણે 'શિવ બાલા યોગી' નામનો આશ્રમ સ્થાપિત કર્યો હતો.

- **13મા સંયુક્ત રાષ્ટ્ર ગુના નિવારણ સમ્મેલનનું દોહામાં ઉદઘાટન**

13મા સંયુક્ત રાષ્ટ્ર ગુના નિવારણ અને ક્રિમીનલ લો સમ્મેલનનું કતારની રાજધાની દોહામાં ઉદઘાટન થયું. તેનું ઉદઘાટન કતારના વડાપ્રધાન અને ગૃહમંત્રી અબ્દુલ્લાહ બિન નાસિર બિન ખલિફા અલ-થાનીએ કર્યું. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂને સમ્મેલનમાં વૈશ્વિક રીતે નશીલા પદાર્થોની હેરફેર, ગુના નિવારણ અને ભ્રષ્ટાચાર વિરોધી જેવા ક્ષેત્રોમાં સમજૂતી સમાપ્ત કરવા અને તેનું અમલીકરણ કરવાની અપીલ કરી.




www.crackgpsc.com

- **બ્રિટનના મર્સિડીઝ ડ્રાઈવર લુઈસ હેમિલ્ટને ફોર્મ્યુલા 1નો ચીની ગ્રાં. પ્રી. ખિતાબ જીત્યો**

  બ્રિટનના મર્સિડીઝ ચાલક લુઈસ હેમિલ્ટને ફોર્મ્યુલા 1નો ચીનનો ગ્રાન્ડ પ્રિક્સ ખિતાબ જીત્યો. ફોર્મ્યુલા 1ના ઇતિહાસમાં હેમિલ્ટને કોઈ પણ અન્ય બ્રિટિશ ડ્રાઈવરની સરખામણીમાં વધુ રેસ જીતી છે અને 35 જીત સાથે ઑલ-ટાઇમ લિસ્ટમાં પાંચમા સ્થાને છે.

- **નોબેલ પુરસ્કાર વિજેતા તેમજ જર્મન નવલકથાકાર ગુન્ટર ગ્રાસનું નિધન**

  નોબેલ પુરસ્કાર વિજેતા જર્મન નવલકથાકાર ગુન્ટર ગ્રાસનું અવસાન થયું. તે એક નવલકથાકાર, કવિ, નાટકકાર, ચિત્રકાર, ગ્રાફિક કલાકાર, શિલ્પકાર અને વર્ષ 1999 માટે સાહિત્યમાં નોબેલ પુરસ્કાર વિજેતા પણ હતા. તેમના લેખ મુખ્ય રીતે નાઝી યુગની ભયાનકતા અને જર્મનીના પરાજય પછી વિનાશ અને અપરાધ પર આધારિત છે. તેઓ તેમની પ્રથમ નવલકથા ટિન ડ્રમ માટે જાણીતા છે.

- **ન્યુઝિલેન્ડે પુરુષોની સુલ્તાન અઝ્લાન શાહ કપ હૉકી ટુર્નામેન્ટ જીતી**

  ઑસ્ટ્રેલિયાને હરાવી ન્યુઝિલેન્ડે વર્ષ 2015ની પુરુષોની સુલ્તાન અઝ્લાન શાહ કપ હૉકી ટુર્નામેન્ટ જીતી લીધી. ભારતની પુરુષ હૉકી ટીમે દક્ષિણ કોરિયાને પેનલ્ટીના આધારે હરાવીને સુલ્તાન અઝ્લાન શાહ કપ ટુર્નામેન્ટમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો.

- **નાસાએ લઘુગ્રહ 316,201નું નામ મલાલા યુસુફ્ઝાઈ પર રાખ્યુ**

  નેશનલ ઍરોનૉટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ની જેટ પ્રોપલ્સન પ્રયોગશાળાએ લઘુગ્રહ 316,201નું નામ 2014ની નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફ્ઝાઈના નામ પર રાખવાની જાહેરાત કરી. આ લઘુગ્રહ મંગળ અને ગુરૂની વચ્ચે મુખ્ય લઘુગ્રહ બેલ્ટમાં આવેલો છે.

- **નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશન એક્ટ 2014 સૂચિત**

  કેન્દ્ર સરકારે નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશન એક્ટ, 2014 અને બંધારણ (99મો સુધારો એક્ટ, 2014ને સૂચિત કર્યો. તેનો હેતુ સુપ્રિમ કોર્ટ અને દેશની 24 હાઈ કોર્ટમાં જજીસની નિમણુકની વર્તમાન પ્રથાને બદલવાનો છે. નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશન એક્ટને સૂચિત કરવા સાથે જ આ કાયદો અમલમાં આવી ગયો અને જૂની સિસ્ટમ સમાપ્ત થઇ ગઈ. આમાં નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશન એક્ટ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઈ કોર્ટસના જજીસની પસંદગી માટે એક પારદર્શક અને વ્યાપક આધાર વાળી પ્રક્રિયાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અગાઉની કોલેજીયમ સિસ્ટમની જેમ જ નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશનના અધ્યક્ષ પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ જ હશે. નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશનના સભ્યોમાં

  - ✓ સુપ્રિમ કોર્ટના બે સિનીયર જજ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી, ભારતના વડાપ્રધાનની સમિતિ દ્વારા નામાંકિત બે વિખ્યાત વ્યક્તિ હશે. બે વિખ્યાત વ્યક્તિઓની પસંદગી ત્રણ

સભ્યો વાળી સમિતિ કરશે. આ સમિતિમાં વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભામાં વિપક્ષ નેતા અથવા વિપક્ષ નેતા ન હોવાની પરિસ્થિતિમાં લોકસભામાં સૌથી મોટા વિપક્ષી દળના નેતા સામેલ થશે. આ એક્ટમાં એ જોગવાઈ છે કે એક જાણીતા વ્યક્તિને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, લઘુમતિ અથવા મહિલાઓના વર્ગમાંથી નામાંકિત કરવામાં આવશે. નવા કાયદામાં બે વિખ્યાત વ્યક્તિઓની લાયકાત શું હશે એ નક્કી કરવામાં આવેલ નથી અને એ પણ નક્કી નથી કે તેઓ કયા ક્ષેત્રેથી ચૂંટવામાં આવશે જયારે એ બે સભ્યો પાસે અન્ય ચાર સભ્યોના મતવ્ય ફેરવવાનો અધિકાર હશે.

- **વડાપ્રધાને ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ફ્રેન્કોઇસ હોલેન્ડને ટ્રી ઑફ લાઇફ પેઇન્ટિંગ ભેટ કરી**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ફ્રેંકોઇસ હોલેન્ડને ટ્રી ઑફ લાઇફ પેઇન્ટિંગ ભેટ સ્વરૂપે આપી. આ પેઇન્ટિંગ ભારતમાં પ્રકૃતિ માટે પરંપરાગત સામાજીક સન્માનને દર્શાવે છે. આ પેઇન્ટિંગ ઓરિસ્સાના એક કલાકાર ભાસ્કર મહાપાત્રા દ્વારા રેશમ પર બનાવવામાં આવી છે.

- **વર્ષ 2014માં ભારતમાંથી સૌથી વધુ લોકોએ વિશ્વમાં પ્રવાસ કર્યો**

  વિશ્વ બેંકે પ્રવાસ તથા વિકાસ સંબંધી સંક્ષિપ્ત અહેવાલ પ્રગટ કર્યો. વર્ષ 2014માં ભારતમાંથી વિશ્વમાં સૌથી વધુ લોકોએ પ્રવાસ કર્યો. પાંચ મુખ્ય દેશ જ્યાં સૌથી અધિક લોકોએ જવાનું પસંદ કર્યું તે દેશો USA, સાઉદી અરેબિયા, જર્મની, રશિયા અને UAE છે.

- **ગોદરેજ નેચર્સ બાસ્કેટે એમેઝોન સાથે સમજુતી કરી**

  ગોદરેજ ગ્રુપના ગોદરેજ નેચર્સ બાસ્કેટે ભારતમાં પોતાના ઉત્પાદનો વેચવા માટે એમેઝોન સાથે કરાર કર્યા. તે અંતર્ગત ખાદ્ય પદાર્થો વેચવામાં આવશે જેમાં તાજા ફળો અને શાકભાજી, પનીર, બેકરી ઉત્પાદનો, આઈસ્ક્રીમ, ડેઝર્ટ, નાશ્તા સામેલ છે.

- **વિશ્વ બેંકે દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રિપોર્ટ રજુ કર્યો**

  વિશ્વ બેંક દ્વારા દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રિપોર્ટ રજુ કરવામાં આવ્યો. જે મુજબ આ ક્ષેત્રનો આર્થિક વૃદ્ધિ દર 2015માં 7% અને 2017માં 7.6% રહેશે. આ વૃદ્ધિનુ કારણ તેલની કિંમતમાં ઘટાડો અને ભારે રોકાણોને દર્શાવવામાં છે. રિપોર્ટ અનુસાર વર્ષ 2017માં ભારતનો GDP વૃદ્ધિ દર 8% રહેશે તથા આ વૃદ્ધિ દર 2015-16માં 7.5% રહેવાનું અનુમાન છે. સાથે જ નાણાકીય વર્ષ 2016થી 2018 સુધી રોકાણ દરમાં 12%ની વૃદ્ધિ પણ અંદાજીત છે.

- **ચીને તાઇવાનના AIIBના પૂર્ણ સભ્ય બનવાના પ્રસ્તાવને નકાર્યો**

  ચીને યોગ્ય નામની કમીને કારણે એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)ના પૂર્ણ સભ્ય બનવાના તાઈવાનના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. તાઈવાને ચીની તાઇપેઈ નામથી એપ્લીકેશન કરી હતી. આ નામ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ અને એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા

વાપરવામાં આવે છે. એશિયાઈ ક્ષેત્રના વિકાસ માટે ચીન દ્વારા **એશિયન** ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)નો પ્રસ્તાવ રાખવામાં આવ્યો. ચીન આ બેંકની સ્થાપના માટે 50 બિલિયન US ડોલર્સની સહાય આપે છે. આ બેંકની સ્થાપના માટે ઓક્ટોબર 2014 સુધી 21 દેશોએ MOU પર હસ્તાક્ષર કર્યા છે. ચીન સિવાય આ યાદીમાં ભારત, થાઈલેન્ડ અને સિંગાપુર સામેલ છે.

- **થાઈલેન્ડમાં સોન્ગક્રન તહેવાર દરમિયાન સો થી વધુ લોકોના મૃત્યુ**

  થાઈલેન્ડના સોન્ગક્રન મ્હોત્સવમાં 120થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને 1281 લોકો ઘાયલ થયાં. સોન્ગક્રન મહોત્સવ થાઈલેન્ડના પરંપરાગત નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ઉજવવામાં આવતો તહેવાર છે. તેને થાઈલેન્ડ વૉટર ફેસ્ટિવલના નામે પણ ઓળખવામાં આવે છે. તેમાં થાઈ લોકો તેમના પરિવારના લોકો તેમજ વડીલ સભ્યો પર પાણી છાંટે છે અને ભગવાન બુદ્ધના ચિત્રો પર શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

- **જોહનિસબર્ગમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને વિકૃત કરવામાં આવી**

  દક્ષિણ આફ્રિકાના સૌથી મોટા શહેર જોહનિસબર્ગમાં કેટલાક લોકોએ મહાત્મા ગાંધીને જાતિવાદી કહીને તેમની પ્રતિમાને વિકૃત કરી. શહેરમાં મૂકાયેલી આ પ્રતિમા વિષે એવું માનવામાં આવે છે કે આ વિશ્વની એક માત્ર એવી પ્રતિમા છે જેમાં ગાંધીજીને એક યુવા વકીલ તરીકે બતાવવામાં આવ્યાં છે.

- **કેન્દ્ર સરકારે નદીઓને જોડવા માટે ટાસ્ક ફોર્સની રચના કરી**

  કેન્દ્રિય જળ સંસાધન સંપત્તિ, નદી વિકાસ તેમજ ગંગા સંરક્ષણ મંત્રાલયે નદીઓને જોડવા માટે ટાસ્ક ફોર્સની રચના કરી. આ ટાસ્ક ફોર્સ દેશમાં નદીઓને જોડવાના કાર્યક્રમનું નિરીક્ષણ કરશે. સંઘ લોક સેવા આયોગના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાતના મુખ્યમંત્રીના સલાહકાર બી.એન.નવાલાવાલા ટાસ્ક ફોર્સની અધ્યક્ષતા કરશે.

- **એલન ડોનાલ્ડનું દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના બૉલિંગના કોચ પદેથી રાજીનામું**

  ઝડપી બૉલર એલન ડોનાલ્ડે દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના બૉલિંગ કોચના પદેથી રાજીનામું આપ્યું. એલન ડોનાલ્ડ દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના ઝડપી બૉલર હતા. તેઓ હાલમાં ઇન્ડિયન પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરના બૉલર્સ કોચ છે. તેઓ 300 ટેસ્ટ વિકેટ લેનાર પહેલા દક્ષિણ આફ્રિકન ક્રિકેટર હતા.

- **ભારત અને બેલારુસ દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટે સહમત**

  ભારત અને બેલારુસ વેપાર અને અર્થવ્યવસ્થા ક્ષેત્રે પોતાના દ્વિપક્ષીય સંબંધો મજબુત બનાવવા માટે સહમત થયા. બેલારુસના વિદેશ મંત્રી વ્લાદિમીર મકેઈ ભારતની ત્રણ દિવસીય સરકારી યાત્રા પર હતા.

- **એવી સ્માર્ટફોન બેટરી કે જે માત્ર એક મિનીટમાં ચાર્જ થઇ શકે**

સ્ટેનફોર્ડ સંશોધકોએ એક એવી સ્માર્ટફોન બેટરી બનાવી છે જે માત્ર એક મિનીટમાં ચાર્જ થઇ શકે છે. સ્ટેનફોર્ડ યુનિવર્સીટીના રસાયણ શાસ્ત્રના પ્રોફેસર હોઝી ડાઈ આ પ્રોજક્ટના પ્રમુખ સંશોધક છે. આ પ્રથમ એલ્યુમિનિયમ બેટરી છે જે ઓછા સમયમાં ચાર્જ થતી, લાંબા સમય સુધી ચાલનારી તથા સસ્તી હશે. એલ્યુમિનિયમ-ઈઓન બેટરી સ્માર્ટફોનમાં વાપરવામાં આવતી લિથિયમ-ઈઓન આલ્કલાઈન બેટરીનું સ્થાન લઇ શકે છે.

✓ **એલ્યુમિનિયમ બેટરી**

એલ્યુમિનિયમ બેટરીનો ઉપયોગ વિદ્યુત ગ્રિડમાં અક્ષય ઉર્જાના સંગ્રહ માટે કરી શકાય છે. આ બેટરીને હજારો વખત રીચાર્જ કરી શકાય છે. એલ્યુમિનિયમ-ઈઓન ટેકનોલોજી પર્યાવરણને અનુકુળ છે. એલ્યુમિનિયમ ઓછી પડતર કિંમત, ઓછી જ્વલનશીલતા તથા ઉચ્ચ સંગ્રહ શક્તિને કારણે પણ પ્રસિદ્ધ છે.

- **ભારતનું ચોથુ પ્રકાશસ્તંભ સંગ્રહાલય કન્નુરમાં ખોલવામાં આવશે.**

  દેશમાં પ્રકાશસ્તંભ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ભારતનું ચોથું પ્રકાશસ્તંભ સંગ્રહાલય કેરળના કન્નુરમાં ખોલવામાં આવશે. અન્ય ત્રણ પ્રકાશસ્તંભ સંગ્રહાલયો કેરળના અલ્લાપુઝા, ચેન્નઈ તથા તમિલનાડુના મહાબલીપૂરમમાં સ્થાપિત કરાયેલ છે.

- **સિંગાપુરની કંપની ટેમાસેકે દ્વારા ઇનોવેન કેપિટલ ઇન્ડિયાનું હસ્તાંતરણ**

  સિંગાપુરની પ્રતિષ્ઠિત રોકાણ કંપની ટેમાસેકે ઇનોવેન કેપિટલ ઇન્ડિયાનું 300 કરોડ રૂપિયામાં હસ્તાંતરણ કર્યું. ઇનોવેન કેપિટલ ઇન્ડિયા પહેલા એસવીબી ઇન્ડિયા ફાયનાન્સના નામથી ઓળખાતી હતી. ઇનોવેન કેપિટલ ઇંડિયા સ્નેપડીલ, મિન્ત્રા, ફ્રીચાર્જ તથા પ્રેક્ટો વગેરે કંપનીઓને લોન સંબંધિત સેવાઓ પૂરી પાડે છે.

- **ગેસ આધારિત વીજ પ્રોજેક્ટ માટે ભેલ અને રશિયન કંપની વચ્ચે સમજુતી કરાર**

  ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડે કઝાકિસ્તાનમાં એક ગેસ આધારિત વીજ પ્રોજક્ટ સ્થાપવા માટે રશિયન કંપની આઈએનટીએમએ સાથે એક સમજુતી કરાર કર્યો. હાલમાં ભેલ 75થી વધુ દેશોમાં ઉપસ્થિત છે અને 16 દેશોમાં 23 પ્રમુખ પ્રોજેક્ટ્સને કાર્યરત કરી રહ્યું છે.

- **સારિકાના પૂર્વ સંપાદક અને વાર્તાલેખક અવધ નારાયણ મુદગલનું અવસાન**

  હિન્દી મેગેઝીન સારિકાના ભૂતપૂર્વ સંપાદક અને સાતમા દાયકાના વાર્તા લેખક અવધ નારાયણ મુદગલનું અવસાન થયું. તેઓ સાતમા દાયકામાં પોતાની વાર્તાઓ માટે ચર્ચામાં રહ્યા હતા. ‘કવંધ’ તથા ‘એક ફલંગિકા સફરનામા’ તેમનાં બહુચર્ચિત પુસ્તકો હતાં.

- **અમેરિકન રાષ્ટ્રપતિએ શામીના સિંહને મહત્વપૂર્ણ પદ પર નામાંકિત કર્યાં**

  અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ભારતીય મૂળનાં અમેરિકન મહિલા સાહસિક શામીના સિંહને એક મહત્વપૂર્ણ સરકારી હોદ્દો સોંપ્યો. તેમને કોર્પોરેશન ફોર નેશનલ એન્ડ કમ્યુનિટી

www.crackgpsc.com

સર્વિસના બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. શામીના સિંહ માસ્ટર કાર્ડના વ્યાપક વિકાસ કેન્દ્ર(Inclusive Growth Center)નાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે.

- **નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન સૂર્ય બહાદુર થાપાનું અવસાન**

નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન સૂર્ય બહાદુર થાપાનું અવસાન થયું. તેઓ રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ હતા. 50 વર્ષથી વધુના રાજનૈતિક કાર્યકાળમાં તેઓ 5 વખત નેપાળના વડાપ્રધાન તરીકે ચૂંટાયા. તેઓ પંચાયત પ્રણાલીના પ્રથમ વડાપ્રધાન હતા.

- **ડૉ. મોહનકુમાર ફ્રાન્સમાં ભારતના નવા રાજદૂત નિયુક્ત**

વરિષ્ટ રાજદૂત ડૉ. મોહનકુમારને ફ્રાન્સમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કરાયા. આ પહેલાં મોહનકુમાર બહેરીનમાં ભારતના રાજદૂત હતા. તેઓ અરુણકુમારનું સ્થાન લેશે જેમને અમેરિકાના રાજદૂત તરીકે નિયુક્ત કરાયા છે.

- **મીનાક્ષી મદનરાય સિક્કિમ હાઈકોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ**

મીનાક્ષી મદનરાયે સિક્કિમ હાઇકોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ તરીકે શપથ લીધા. તેમને રાજ્યપાલ શ્રીનિવાસ પાટિલે શપથ લેવડાવ્યા. રાયની નિમણુક સિક્કિમ રાજયના ત્રીજા મુખ્ય ન્યાયાધીશ તરીકે થઇ છે.

- **ટુરિસ્ટ વિઝા આન અરાઈવલનું નામ ઈ-ટુરિસ્ટ વિઝા કરવાનો નિર્ણય**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ટુરિસ્ટ વિઝા ઓન અરાઈવલ ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન યોજનાનું નામ ઈ-ટુરિસ્ટ વિઝા (ઈટીવી) કરવાનો નિર્ણય કર્યો. 'ટુરિસ્ટ વિઝા ઓન અરાઈવલ' યોજનાના નામથી પ્રવાસીઓ એ ભ્રમમાં રહેતા હતા કે પહોંચ્યા પછી વિઝા મળશે પરંતુ હાલની સીસ્ટમમાં વિદેશી પ્રવાસીઓને વિઝાનો અધિકાર પ્રવાસ પહેલાં જ આપી દેવામાં આવે છે.

- **ભારતના પૂર્વીય તટ પર 45 દિવસ સુધી માછલી પકડવા ઉપર પ્રતિબંધ**

અંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ સહિત દેશના પૂર્વીય તટના ક્ષેત્રોના જળ વિસ્તારમાં 45 દિવસ સુધી માછલી પકડવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પશ્ચિમી તટ અને લક્ષદ્વીપ સ્થિત વિશિષ્ટ ભારતીય આર્થિક ક્ષેત્ર (EEZ)માં નૌકાઓ દ્વારા માછલી પકડવા ઉપર દર વર્ષે 15 જુનથી 31 જુલાઈ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે જેથી આ દરમ્યાન માછલીઓને તેમની પ્રજનન પ્રક્રિયામાં અસુવિધા ન થાય.

- **તુર્કીએ પ્રથમ પરમાણુ ઉર્જા પ્લાન્ટનું નિર્માણ કાર્ય શરુ કર્યું**

તુર્કીએ ભૂમધ્ય સાગરના તટ પર આક્કુયુમાં દેશના પ્રથમ પરમાણુ વીજ પ્લાન્ટનું નિર્માણ શરુ કરી દીધુ. આ પ્લાન્ટનું નિર્માણ રશિયા અને તુર્કીના 2010ના સમજુતી કરાર હેઠળ થઇ રહેલ છે જેમાં આક્કુયુમાં 20 બિલિયન ડોલર્સના ખર્ચે પરમાણુ વીજ પ્લાન્ટનું નિર્માણ કરવાનું નક્કી થયેલ હતું. આ પ્લાન્ટ્સ સાથે તુર્કી સરકારનું ઊર્જા આત્મનિર્ભરતા લાવવાનું અને રશિયા અને ઈરાન જેવા દેશો પરની નિર્ભરતાને ઓછી કરવાનું લક્ષ્ય છે. તુર્કીના નાગરિકો દ્વારા તેનો વિરોધ

www.crackgpsc.com

કરવામાં આવી રહેલ છે. લોકોનું અનુમાન છે કે આ નિર્માણથી પર્યાવરણ પર નકારાત્મક અસર થશે અને જો ફુકુશીમા પરમાણુ પ્લાન્ટની જેમ કોઈ ઘટના ઘટે તો મોટા પ્રમાણમાં જાનહાનિ થશે.

- **BSFના જવાનો માટે ટેલીમેડીસીન નેટવર્કની શરૂઆત**

  સીમા સુરક્ષા દળે (BSF) પોતાના સૈનિકો માટે રાષ્ટ્રવ્યાપી ઉપગ્રહ આધારિત ટેલીમેડીસીન કાર્યક્રમ શરુ કર્યો. આ સુવિધા પશ્ચિમ બંગાળના સિલીગુડીના કદમતાલ સ્થિત કમ્પોઝીટ હોસ્પિટલથી સંચાલિત થશે. આ હોસ્પિટલ ઉપગ્રહ ફોન અને વી-સેટ પ્લેટફોર્મના માધ્યમથી BSFની પોસ્ટ્સ સાથે જોડાયેલ રહેશે. આ સુવિધા BSFની સ્થાપનાની 50મી વર્ષગાંઠના અવસરે શરુ કરવામાં આવનાર છે.

- **સચિન તેંદુલકર પ્રતિષ્ઠિત લોરેસ સ્પોર્ટ્સ એકેડમીના સભ્ય ચૂંટાયા**

  ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી સચિન તેંદુલકર પ્રતિષ્ઠિત લોરેસ સ્પોર્ટ્સ એકેડમીના સભ્ય ચૂંટાયા. તેમને ચીનના શંઘાઈમાં 16મા લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ પુરસ્કાર સમારંભમાં સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા.

- **નોરમૈંડી સમૂહના વિદેશ મંત્રીઓની પાંચમી બેઠક બર્લિનમાં આયોજિત**

  નોરમૈંડી સમૂહના વિદેશ મંત્રીઓની પાંચમી બેઠક બર્લિનમાં યોજવામાં આવી. નોરમૈંડી ચાર દેશોનું ગ્રુપ છે જેમાં રશિયા, ફ્રાન્સ, જર્મની તથા યુક્રેન સામેલ છે. આ ગ્રુપની સ્થાપના યુક્રેનની સેના તથા રશિયા સમર્થિત સૈનિક દળો વચ્ચે ચાલી રહેલ સંઘર્ષનો રાજદ્વારી ઉકેલ લાવવા માટે કરવામાં આવી.

- **ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જર્મની યાત્રા પૂર્ણ**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જર્મનીની યાત્રા પૂર્ણ. યાત્રા દરમ્યાન તેમણે જર્મનીનાં ચાન્સેલર એન્જેલા મર્કેલ, વેપાર જગતના નેતાઓ અને વિદેશોમાં વસતા ભારતીયોની મુલાકાત લીધી. તેમણે એન્જેલા મર્કેલ સાથે 'ધ હનોવર મેસે' ઔદ્યોગિક મેળાનું ઉદઘાટન કર્યું. આ મેળો દુનિયાનો સૌથી મોટો ઔદ્યોગિક મેળો કહેવાય છે. નરેન્દ્ર મોદીએ એન્જેલા મર્કેલ સાથે હનોવરમાં ભારત-જર્મની વેપાર શિખર સમ્મેલનનું ઉદઘાટન કર્યું. જર્મનીના હનોવર શહેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું અને બર્લીનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના પૌત્ર સૂર્યકુમાર બોઝની મુલાકાત લીધી. નરેન્દ્રમોદીએ એન્જેલા મર્કેલને નોબલ પુરસ્કાર વિજેતા સર વી. વી. રામનના કેટલાક હસ્તપ્રતોની પ્રતિકૃતિ અને કેટલાક પત્રોની ભેટ આપી. બંને દેશો નિર્માણ ક્ષેત્રે ઉન્નત સહયોગ, કૌશલ વિકાસ, શહેરી વિકાસ, પર્યાવરણ, નદીઓની સફાઈ, ભાષા અને વિજ્ઞાન અને ટેકનોલોજી માટે સક્રિય પગલાં લેવા માટે સહમત થયા.

- **ભારત અને કેનેડા વચ્ચે યુરેનિયમના પુરવઠા માટે પરમાણુ કરાર**

www.crackgpsc.com

ભારત અને કેનેડાએ ભારતને યુરેનિયમનો પુરવઠો પૂરો પાડવા માટે પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા. કરાર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પર દ્વારા કરવામાં આવ્યો. સમજુતી અનુસાર કેનેડીયન કેમેકો કોર્પોરેશન 2020 સુધી ભારતને 7.1 લાખ પાઉન્ડ યુરેનિયમ પૂરું પડશે. યુરેનિયમ કેમેકોના ઉત્તર સેસકેશેવન સ્ત્રોતોમાંથી આપવામાં આવશે. કેમેકો કોર્પોરેશન વિશ્વનું સૌથી મોટું યુરેનિયમ ઉત્પાદક છે. હાલમાં ભારતનું ઉર્જાના વપરાશમાં વિશ્વમાં ચોથું સ્થાન છે તથા તે પોતાની કુલ વીજળી ઉત્પાદનના 3% પરમાણુ ઉર્જા દ્વારા મેળવે છે. ઉર્જા યોજના હેઠળ ભારત આ આંકડાને 2050 સુધી 25% કરવા માંગે છે.

- **ભારતીય મૂળનાં રાજ રાજેશ્વરી ન્યૂયોર્કમાં ન્યાયાધીશ તરીકે નિમણુક પામ્યાં**

ભારતીય મૂળનાં અમેરિકન મહિલા રાજ રાજેશ્વરીની ન્યુયોર્કમાં ન્યાયાધીશ તરીકે નિમણુક થઇ. આ પ્રથમ વખત છે જયારે કોઈ ભારતીય મૂળના વ્યક્તિ ન્યૂયોર્કમાં ન્યાયાધીશ બન્યા હોય.

- **મોદીને કેનેડાના વડાપ્રધાન દ્વારા પ્રાચીન ભારતીય મૂર્તિ પેરટ લેડી ભેટ**

કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રાચીન ભારતીય મૂર્તિ પેરટ લેડી ભેટમાં આપી. પેરટ લેડી એક માનવકદની મૂર્તિ છે જે બલુઆ પથ્થરની બનેલ છે. એવું માનવામાં આવે છે કે આ લગભગ 900 વર્ષ જૂની છે. તેમાં નાયિકાની પીઠ પર એક પોપટ બેઠેલ છે. આ મૂર્તિ મધ્યપ્રદેશના ખજુરાહો મંદિરોમાં મુકવા માટે બનાવાઈ હતી.

- **દુનિયાના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં ચાર ભારતીય**

ટાઇમ મેગેઝીને દુનિયાના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદી પ્રગટ કરી. આ યાદીમાં અમેરિકન રેપર અને ગાયક કાન્યે ઓમરી વેસ્ટ ટોચ પર છે. સતત ત્રીજા વર્ષે પાકિસ્તાની શિક્ષણ કાર્યકર્તા મલાલા યુસુફઝાઈ યાદીમાં સૌથી નાની વયની સભ્ય છે. યાદીમાં ભારતીય મૂળના વ્યક્તિઓને સામેલ કરવામાં આવેલ છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ICICI બેન્કનાં MD અને CEO ચંદા કોચર, માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલા અને NGO 'સંગાથ'ના સહ-સંસ્થાપક વિક્રમ પટેલ છે.

- **ભારતે પરમાણુ ક્ષમતા વાળી અગ્નિ-3 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું**

ભારતે પોતાના પરમાણુ શસ્ત્રો લઇ જવામાં સક્ષમ અગ્નિ-3 બેલેસ્ટિક મિસાઈલનું ઓરિસ્સાના તટીય વ્હીલર દ્વીપથી સફળ પ્રાયોગિક પરીક્ષણ કર્યું. અગ્નિ-3 મિસાઈલ 3000 કિમીથી વધુ અંતર સુધી પ્રહાર કરી શકે છે. આ દોઢ ટન વજનનાં વોરહેડ લઇ જઈ શકે છે.

- **18 એપ્રિલના રોજ વિશ્વભરમાં વર્લ્ડ હેરીટેજ ડે ઉજવવામાં આવ્યો**

હાલમાં વિશ્વના કુલ 160 દેશોમાં કુલ 981 હેરીટેજ સ્થળો છે.

18 એપ્રિલ 2015ના રોજ વિશ્વભરમાં વર્લ્ડ હેરીટેજ ડે ઉજવવામાં આવ્યો. આ દિવસ વિશ્વભરમાં મુલ્યવાન સંપત્તિ અને સાંસ્કૃતિક વારસાની સુરક્ષા માટે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.

www.crackgpsc.com

- **પત્રકાર ઓમ થાનવી 24મા બિહારી પુરસ્કાર 2014થી સન્માનિત**

  પ્રસિદ્ધ લેખક અને પત્રકાર ઓમ થાનવી કે. કે. બિરલા ફાઉન્ડેશનના 24મા બિહારી પુરસ્કાર 2014થી સન્માનિત. ઓમ થાનવીને આ પુરસ્કાર તેમના યાત્રા વૃતાંત 'મુઅનજોદડો' માટે આપવામાં આવશે. બિહારી પુરસ્કાર રાજસ્થાનના હિન્દી કે રાજસ્થાની ભાષાના લેખકોને આપવામાં આવે છે.

- **વર્ષ 2015ના લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ પુરસ્કારોનું વિતરણ**

  ચીનના શંઘાઈમાં સાત વર્ગો અંતર્ગત લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ પુરસ્કાર આપવામાં આવ્યા. સર્બિયાના ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચ તથા ઇથિયોપીયાની દોડવીર ગેંઝેબી ડીબાબાને વર્ષ 2015ના સ્પોર્ટ્સમેન અને સ્પોર્ટ્સવુમન રૂપે પસંદ કરવામાં આવ્યા. જર્મનીની પુરુષ ફૂટબોલ ટીમને લોરેસ વર્લ્ડ ટીમ ઓફ ધ યરનો પુરસ્કાર આપવામાં આવ્યો.

- **રેડિઓ અને પરમાણુ રસાયણ વિજ્ઞાન ક્ષેત્રે હેવેઝી પદક પુરસ્કાર 2015**

  સુશાંત લાહિડી અને કેટ્ટેશ વી કટ્ટીને રેડિઓ અને પરમાણુ રસાયણ વિજ્ઞાન ક્ષેત્રે તેમના શ્રેષ્ઠ સહયોગ માટે હેવેઝી પદક પુરસ્કાર 2015થી નવાજવામાં આવ્યા. સુશાંત લાહિડી કોલકાતા સ્થિત સાહા પરમાણુ ભૌતિક સંસ્થાનમાં રસાયણ વિજ્ઞાન વિભાગમાં પ્રોફેસર છે. કેટ્ટેશ વી કટ્ટી કોલમ્બિયા સ્થિત મિસૌરી યુનિવર્સીટીના રેડીઓલોજીકલ રીસર્ચ કેન્દ્રમાં પ્રોફેસર છે. આ પુરસ્કાર રસાયણ વિજ્ઞાન માટે નોબલ પુરસ્કાર વિજેતા રાસાયણિક વૈજ્ઞાનિક જ્યોર્જ ડે હેવેઝીના નામ પર છે.

- **સત્ય નડેલા 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' પુરસ્કારથી સન્માનિત**

  માઈક્રોસોફ્ટના ભારતીય મૂળના CEO સત્ય નડેલાને 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' પુરસ્કારથી નવાજવામાં આવ્યા. 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' પુરસ્કાર એવા લોકોને આપવામાં આવે છે જેઓ કર્મચારીઓના પરિવારોની મદદ કરે છે અને પોતાની કંપની, ગ્રુપ તથા સંગઠનમાં બીમારી, ભથ્થા, સમાન વેતન વગેરેની હિમાયત કરે છે. સત્ય નડેલા માઈક્રોસોફ્ટના ભારતીય મૂળના પ્રથમ CEO છે.

- **બેંગલુરુ ક્રિકેટ સ્ટેડીયમ સૌર પ્લાન્ટવાળું પ્રથમ સ્ટેડિયમ બન્યું**

  બેંગલુરુનું ચિન્નાસ્વામી ક્રિકેટ સ્ટેડિયમ દેશનું પ્રથમ એવું ક્રિકેટ સ્ટેડિયમ બની ગયું છે જેની છત પર સૌર ઉર્જા પ્લાન્ટ લગાવવામાં આવેલ છે. દેશમાં પ્રથમ વાર કોઈ સ્ટેડિયમની છત પર સૌર ઉર્જા પ્લાન્ટ લગાવવામાં આવેલ છે અને સંભવતઃ આ પ્રકારની સુવિધા વાળુ આ વિશ્વનું પ્રથમ ક્રિકેટ સ્ટેડિયમ પણ છે.

- **મોદીની ત્રણ દેશો ફ્રાન્સ, જર્મની અને કેનેડાની યાત્રા પૂર્ણ**

  ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ત્રણ દેશો ફ્રાન્સ, જર્મની અને કેનેડાની યાત્રા પૂર્ણ. વડાપ્રધાને પોતાના નવ દિવસીય પ્રવાસ દરમ્યાન ત્રણ દેશોના નેતા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રેન્કોઈસ

ઓલાંદ, જર્મનીનાં ચાન્સેલર એન્જેલા મર્કેલ અને કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરની મુલાકાત લીધી.

- ✓ આ યાત્રા દરમ્યાન ફ્રાન્સ સાથે 36 રાફેલ વિમાનોની આપૂર્તિ અને કેનેડા સાથે યુરેનિયમ કરાર સહિત વિભિન્ન મહત્વપૂર્ણ સમજુતી પર હસ્તાક્ષર થયા.
- ✓ ફ્રાન્સ અને જર્મની સાથે સંરક્ષણ અને પરમાણુ ઉર્જા, અંતરિક્ષ, આર્થિક સંબંધો, રેલવે, ઊર્જા, પર્યટન, વિજ્ઞાન અને ટેકનોલોજી, કૌશલ વિકાસ, આયુર્વેદ, નિર્માણ, શહેરી વિકાસ, પર્યાવરણ, નદીઓની સફાઈ, ભાષા વગેરેના કરાર કરવામાં આવ્યા.
- ✓ ભારતે કેનેડા સાથે યુરેનિયમ, વિઝા, આતંકવાદ, ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન અને સંરક્ષણ, કેનેડા-ભારત વ્યાપક આર્થિક ભાગીદારી કરાર મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા.

- **કેરળે દારૂના વ્યસન વિરુદ્ધ 'સુબોધમ' નામની યોજના શરુ કરી**

  કેરળ સરકારે રાજ્યમાં લોકોને દારૂના વ્યસનથી મુક્ત કરાવવા માટે સુબોધમ યોજના શરુ કરી. મુખ્યમંત્રી ઓમાન ચાંડી અને આર્ટ ઓફ લીવીંગના સંસ્થાપક શ્રી રવિશંકરે કોચીમાં આ યોજના શરુ કરી. તેનો હેતુ સમાજને નશીલા પદાર્થોના વ્યસનથી મુક્ત કરાવવાનો છે. આ યોજનાના જાગૃતિ અભિયાનના માધ્યમથી દારૂના વ્યસનથી દર વર્ષ એક લાખ લોકોને મુક્ત કરાવવાનો છે. રાજ્ય સરકાર આ યોજનાના માધ્યમથી આગામી દસ વર્ષોમાં રાજ્યને સંપૂર્ણ રીતે દારૂના વ્યસનથી મુક્ત કરાવવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માંગે છે.

- **લિવિંગસ્ટને 138 બોલમાં 350 રન બનાવ્યા**

  લંકાશાયરના ઓલરાઉન્ડર ખેલાડી લિયમ લિવિંગસ્ટને ઇંગ્લેન્ડમાં રમાયેલ એક ક્લબ મેચમાં 138 બોલમાં 350 રન બનાવીને રેકોર્ડ બનાવ્યો. તેણે 2008માં હૈદરાબાદના નિખિલેશ સુરેન્દ્રન દ્વારા બનાવાયેલ 334 રનના રેકોર્ડને તોડ્યો. વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ભારતના રોહિત શર્માનો છે. રોહિતે શ્રીલંકા સામે એક દાવમાં 264 રન બનાવ્યા હતા.

- **ડૉ. નસીમ ઝૈદીએ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પદભાર સંભાળ્યો**

  ડૉ. નસીમ ઝૈદીએ ભારતના 20મા ચીફ ઈલેકશન કમિશનર રૂપે પદભાર ગ્રહણ કર્યો. તેમણે હરિશંકર બ્રહ્માનું સ્થાન લીધું. બંધારણની કલમ 324 (2) મુજબ ચીફ ઈલેકશન કમિશનર અને ઈલેકશન કમિશનર્સની નિમણુકનો અધિકાર રાષ્ટ્રપતિને છે.

- **સીતારામ યેચુરી માર્કસવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ તરીકે** ચૂંટાયા

  સીનીયર વામપંથી નેતા સીતારામ યેચુરી માર્કસવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ ચૂંટાયા. તેઓ પાર્ટીના પાંચમા મહાસચિવ બન્યા. આ દળની સ્થાપના વર્ષ 1964માં થઇ હતી.

- **ઈ-કચરો ફેલાવવામાં ભારત દુનિયામાં પાંચમા સ્થાને : UN રિપોર્ટ**

www.crackgpsc.com

UN દ્વારા પ્રસિદ્ધ એક રિપોર્ટ ગ્લોબલ ઈ-વેસ્ટ મોનીટરીંગ-2014 (Global e-waste monitoring - 2014) અનુસાર ઈ-કચરો ફેલાવવામાં ભારત દુનિયામાં પાંચમા ક્રમે છે. અમેરિકા અને ચીન આ બાબતે અનુક્રમે પ્રથમ અને બીજા ક્રમે છે. ભારતમાં વર્ષ 2014માં 17 લાખ ટન ઈ-કચરો ઉત્પન્ન થયો હતો. ચીન અને અમેરિકા કુલ મળીને વિશ્વનો 32% ઈ-કચરો ઉત્પન્ન કરે છે.

- **મેરી કોમ સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મ ઘોષિત**

બોલીવુડ અભિનેત્રી પ્રિયંકા ચોપડા અભિનીત અને ઉમંગ કુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'મેરી કોમ'ને સ્વિડનમાં આયોજિત 'સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહ' (જુનિયર)માં સર્વશ્રેષ્ઠ ફિલ્મ ઘોષિત કરવામાં આવી. ભારતની ઓલિમ્પિક પદક વિજેતા મુક્કાબાજ મેરી કોમના જીવન પર આધારિત આ ફિલ્મને સમારોહમાં 'બ્રોન્ઝ હોર્સ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. આ પુરસ્કાર આ સમારોહનો સૌથી મોટો પુરસ્કાર છે. આ સમારોહમાં જ્યુરી 9 થી 18 વર્ષના બાળકોને બનાવાયેલ હતી.

- **હિન્દી દિવસ પર અપાતા પુરસ્કારોમાંથી ઇન્દિરા અને રાજીવ નામ કાઢી નખાયા**

કેન્દ્ર સરકારના રાજભાષા વિભાગે હિન્દી દિવસ પર આપવામાં આવનાર પુરસ્કારોના નામોમાંથી ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના નામ હટાવી દીધા. આ પુરસ્કાર હિન્દી ભાષાના પ્રગતિશીલ રીતે ઉપયોગ માટે દર વર્ષે આપવામાં આવે છે. 1986માં શરૂ કરવામાં આવેલ 'ઇન્દિરા ગાંધી રાજભાષા પુરસ્કાર' હવે 'રાજભાષા કીર્તિ પુરસ્કાર' નામથી, જ્યારે 'રાજીવ ગાંધી રાષ્ટ્રીય જ્ઞાન-વિજ્ઞાન મૌલિક પુસ્તક લેખન પુરસ્કાર' હવે 'રાજભાષા ગૌરવ પુરસ્કાર યોજના' નામેથી ઓળખાશે.

- **સુપ્રીમ કોર્ટે IPL ઘોટાળાની તપાસ કરી રહેલ ટીમનું નેતૃત્વ વિવેક પ્રિયદર્શીને સોંપ્યું**
- **ભૂમધ્ય સાગર નૌકા દુર્ઘટનામાં 800થી વધુ લોકોનાં મોત**

ભૂમધ્ય સાગરમાં થયેલ નૌકા દુર્ઘટનામાં 800થી વધુ લોકોનાં મોત થયાં. આ લોકો આફ્રિકન દેશોમાં વ્યાપેલ આંતરિક અશાંતિથી બચવા માટે ત્રિપોલીથી યુરોપ તરફ રવાના થયા હતા. લીબિયા અને અન્ય દેશોમાં ચાલી રહેલ આંતરિક હિંસાને લીધે ભૂમધ્ય સાગરમાં થનારી આવી દુર્ઘટનાઓમાં વધારો થયો છે.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- **વ્યવસાયિક બેંકોને ઈ-કોમર્સ કંપનીઓ સાથે કરાર કરવાની મંજુરી**

  RBIએ વ્યવસાયિક બેંકોને નવા ગ્રાહકો સાથે જોડાવા અને અન્ય વ્યવસાયિક લાભો માટે ઈ-કોમર્સ કંપનીઓ સાથે કરાર કરવા માટેની મંજુરી આપી. RBIની આ મંજુરીથી બેંકો અને ઈ-કોમર્સ કંપનીઓને ફાયદો થશે.

- **પી 15B વોરશીપ 'વિશાખાપટ્ટનમ'નું જલાવતરણ કરવામાં આવ્યું**

  ઇન્ડિયન નેવીએ પોતાના નવા અને અત્યાર સુધીના સૌથી મોટા ડીસ્ટ્રોયર વોરશીપ વિશાખાપટ્ટનમનું મુંબઈના મઝગાંવ બંદરથી જલાવતરણ કરવામાં આવ્યું. આ વોરશીપ 7,300 ટન વજનનું છે. તેને વર્ષ 2018માં ઇન્ડિયન નેવીમાં ઔપચારિક રીતે સામેલ કરવામાં આવશે. વિશાખાપટ્ટનમનું નિર્માણ મઝગાંવ ડોક્સ લીમીટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

- **નોવાક જોકોવિચે મોન્ટે કાર્લો માસ્ટર્સ ખિતાબ જીત્યો**

  સર્બિયાના ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે બીજી વાર મોન્ટે કાર્લો માસ્ટર્સ ખિતાબ જીત્યો. આ જીત સાથે 27 વર્ષીય જોકોવિચ સત્રની પ્રથમ ત્રણ મેચ જીતનાર પહેલા ખેલાડી બની ગયા.

- **21 જુનના દિવસે તમામ યુનિવર્સીટીઓને યોગ દિવસ તરીકે ઉજવવાનો નિર્દેશ**

  યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશને (UGC) 21 જુન 2015ના રોજ તમામ યુનિવર્સીટીઓને યોગ દિવસ તરીકે ઉજવવાનો નિર્દેશ કર્યો. સપ્ટેમ્બર 2014માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની 69મી બેઠકમાં દર વર્ષે 21 જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મંજુર કરવામાં આવ્યો હતો. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના સંબોધનમાં તેનો પ્રસ્તાવ મુક્યો હતો.

- **ઓરિસ્સાના ભૂતપૂર્વ વડાપ્રધાન જાનકી વલ્લભ પટનાયકનું અવસાન**

  આસામના ભૂતપૂર્વ ગવર્નર અને ઓરિસ્સાના ત્રણ વાર વડાપ્રધાન રહી ચૂકેલ વલ્લભ પટનાયકનું અવસાન થયું. તેઓ 2009થી 2014 સુધી આસામના ગવર્નર પણ રહ્યા.

- **નીરજ કુમાર BCCIના ભ્રષ્ટાચાર વિરોધી અને સુરક્ષા એકમના મુખ્ય સલાહકાર નિયુક્ત**

  દિલ્હી પોલિસના ભૂતપૂર્વ કમિશનર નીરજ કુમારને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ભ્રષ્ટાચાર વિરોધી અને સુરક્ષા એકમના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમનો કાર્યકાળ 2016 સુધી એક વર્ષ માટે હશે.

- **નાણાકીય વર્ષ 2015-16 માટે GPF પર વ્યાજ દર 8.7% નિર્ધારિત**

  કેન્દ્રીય નાણા મંત્રાલયે નાણાકીય વર્ષ 2015-16 માટે સામાન્ય ભવિષ્ય નિધિ (GPF) તથા અન્ય સંબંધિત યોજનાઓ પર વ્યાજ દર 8.7% નક્કી કર્યો. આ વ્યાજ દર 1 એપ્રિલ 2015થી અમલમાં આવશે.

- **જાપાનની દવા કંપની દાઈચી સાંક્યોએ પોતાને સન ફાર્માથી અલગ કરી**

www.crackgpsc.com

જાપાનની દવા કંપની દાઈચી સંક્યોએ પોતાને સન ફાર્માથી અલગ કરી લીધી. તે મુજબ દાઈચી સંક્યોએ સન ફાર્માસ્યુટિકલ ઇન્ડ.માંની પોતાની ભાગીદારી (લગભગ 9%) 20,420 કરોડ રૂપિયામાં વેચી દીધી. આ શેર તેને સન ફાર્મામાં રેનબેક્સીના વિલય પછી મળ્યા હતા.

## ➢ 4th week

- **મિસરના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુર્સીને 20 વર્ષની કારાવાસની સજા**

  મિસરની એક સ્થાનિક કોર્ટે મિસરના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુર્સીને 20 વર્ષની કારાવાસની સજા ફરમાવી. કોર્ટે મોહમ્મદ મુર્સી દ્વારા પોતાના શાસન દરમ્યાન પ્રદર્શનકારીઓની હત્યા બાબતે આ સજા ફરમાવી. મુર્સી વિરુદ્ધ વર્ષ 2011ની ક્રાંતિ દરમ્યાન જાસુસી, ન્યાયપાલિકાનું અપમાન કરવા અને એક ટીવી ચેનલને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી દસ્તાવેજ સોંપવાનો આરોપ છે.

- **ચીની રાષ્ટ્રપતિ શી જીનપિંગ 'નિશાન એ પાકિસ્તાન'થી સન્માનિત**

  ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગને ઇસ્લામાબાદમાં પાકિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સન્માન નિશાન એ પાકિસ્તાનથી સન્માનિત કરવામાં આવ્યા. આ પાકિસ્તાન સરકાર તરફથી આપવામાં આવનાર સૌથી મોટું નાગરિક સન્માન છે.

- **રેલ પરિયોજનાઓની ઓનલાઈન દેખરેખ માટે ઈ-સમીક્ષા લોન્ચ**

  ભારતીય રેલવેએ રેલ પરિયોજનાઓની ઓનલાઈન દેખરેખ માટે ઈ-સમીક્ષા લોન્ચ કરી. તેનો હેતુ રીઅલ ટાઇમ બેઝીસ પર ભારતીય રેલવેમાં ચાલુ વિભિન્ન પરિયોજનાઓ માટેના અમલીકરણની દેખરેખ કરવાનો છે. તેમાં રેલ બજેટ પ્રસ્તાવ પણ સામેલ છે.

- **શાહરૂખ ખાન અને જાયન મલિક પાંચમાં વાર્ષિક એશિયન એવોર્ડ સમારોહમાં સન્માનિત**

  શાહરૂખ ખાન અને વન ડાયરેક્શન બેન્ડના ભૂતપૂર્વ ગાયક જાયન મલિકને પાંચમા વાર્ષિક એશિયન એવોર્ડ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા. શાહરૂખ ખાનને સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન માટે, મલિકને સંગીતમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા.

- **22 એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ તરીકે ઉજવાયો**

  પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી 22 એપ્રિલ, 2015ના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ ઉજવવામાં આવ્યો. વર્ષ 2015ના આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસનો વિષય છે – 'ઇટ્સ અવર ટર્ન ટુ લીડ'. આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ વર્ષ 1970થી વિશ્વભરમાં ઉજવવામાં આવી રહ્યો છે.

- **રાજીવ રંજન વર્મા રેલવે બોર્ડમાં રેલ સુરક્ષા બળના DG નિયુક્ત**

  રાજીવ રંજન વર્માને રેલવે બોર્ડમાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના ડીરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા. વર્મા હાલમાં નેશનલ ક્રાઈમ રીકોર્ડ્સ બ્યુરોના ડીરેક્ટર જનરલ છે.

www.crackgpsc.com

- **મેક માય ટ્રીપે સ્ટાર્ટ-અપ ટ્રાવેલ ગાઈડ ફર્મ માઈગોલાને હસ્તાંતરિત કરી**

  ઓનલાઈન યાત્રા સેવાઓ આપનાર કંપની મેક માય ટ્રીપે સ્ટાર્ટ-અપ ટ્રાવેલ ગાઈડ ફર્મ માઈગોલાનું હસ્તાંતરણ કર્યું. મેક માય ટ્રીપ ગ્રુપે માઈગોલાના 100 ટકા શેર્સ ખરીદી લીધા. મેક માય ટ્રીપ ગ્રુપના CEO દીપ કાલરા છે.

- **કિશોર અપરાધની વય મર્યાદા 18 વર્ષથી ઘટાડીને 16 વર્ષ કરવામાં આવી**

  16 થી 18 વર્ષના કિશોર અપરાધી પર પુખ્તો માટે બનેલ કાયદાઓ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવાના પ્રસ્તાવને કેન્દ્ર સરકારે મંજુરી આપી દીધી. તે મુજબ હત્યા કે બળાત્કાર જેવી સંગીન બાબતોમાં સામેલ કિશોરોને નાની વયે પણ સજા મળી શકે છે.

- **દેશને ટીબી મુક્ત બનાવવા માટે 'ટીબી મુક્ત ભારત' અભિયાનની શરૂઆત**

  કેન્દ્ર સરકારે દેશને ક્ષય રોગ (ટીબી) મુક્ત બનાવવા માટે રાષ્ટ્રીય સ્તર પર 'ટીબી મુક્ત ભારત' અભિયાનની શરૂઆત કરી. આ અભિયાનને સફળ બનાવવા માટે એક ટોલ ફ્રી હેલ્પલાઇન શરુ કરવામાં આવશે. જેના માધ્યમથી કોઈ પણ વ્યક્તિ માત્ર મિસ્ડ કૉલ કરીને આ બીમારી સંબંધી જરૂરી માહિતી મેળવી શકશે. આ અભિયાનનો હેતુ દેશને આગામી 5 વર્ષોમાં ક્ષય રોગ મુક્ત બનાવવાનો છે. WHO અનુસાર વિશ્વના કુલ ક્ષય રોગીઓમાંના 25% ભારતમાં છે.

- **થોમસ બાખ 'હી ફોર શી' અભિયાનના એમ્બેસેડર નિયુક્ત**

  UN વુમેન દ્વારા આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના અધ્યક્ષ થોમસ બાખને 'હી ફોર શી'ના એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા. 'હી ફોર શી' UN વુમેન દ્વારા સ્થાપિત લૈંગિક સમાનતા પર એક એકતા અભિયાન છે.

- **વિશ્વ બેંક દ્વારા પર્યાવરણ સ્વાસ્થ્ય તથા પ્રદુષણ મેનેજમેન્ટ કાર્યક્રમનો પ્રારંભ**

  વિશ્વ બેન્કે પ્રદુષણ મેનેજમેન્ટ અને પર્યાવરણ સ્વાસ્થ્ય કાર્યક્રમ (PHEM)નો પ્રારંભ કર્યો. આ કાર્યક્રમની શરૂઆત સત્તાવાર રીતે વોશિંગ્ટન ડી.સી.માં ગ્લોબલ સીટીઝન 2015 અર્થ ડેના દિવસે કરવામાં આવી. આ કાર્યક્રમ 2015થી 2020 સુધી ચાલશે જેમાં ઝડપથી વધતા શહેરીકરણને લીધે હવાની ગુણવત્તામાં ફેરફાર, પ્રદુષણ નિયંત્રણના ઉપાયો, કરવામાં આવનાર ઉપાયો તથા પાણી અને જમીન પ્રદુષણ સામે લડવાના કાર્યક્રમો પણ સામેલ હશે.

- **સંયુક્ત રાષ્ટ્રોએ 23 એપ્રિલને વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ તરીકે ઉજવ્યો**

  સંયુક્ત રાષ્ટ્રોએ (UN) 23 એપ્રિલ 2015ના રોજ સમગ્ર વિશ્વમાં પુસ્તક અને કોપીરાઇટ દિવસ ઉજવ્યો. આ દિવસ યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટીફીક અને કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO) દ્વારા શરુ કરવામાં આવ્યો. વિશ્વ પુસ્તક દિવસ ઉજવવાની શરૂઆત 23 એપ્રિલ 1995ના રોજ થઇ.

કરંટ શતક
Most Imp કરંટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

www.crackgpsc.com

- **રેલ મંત્રાલયે 'યુટીએસઓનમોબાઈલ' નામથી મોબાઈલ એપ્લીકેશન શરુ કરી**

  રેલ મંત્રાલયે પેપર લેસ અનારક્ષિત ટીકીટ માટે યુટીએસઓનમોબાઈલ નામથી મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરી. તેનો હેતુ અનારક્ષિત ટિકિટ છાપવા માટેની જરૂરિયાતને સમાપ્ત કરવાનો છે.

- **શાહરૂખ ખાન દાદા સાહેબ ફાળકે ફિલ્મ ફાઉન્ડેશન પુરસ્કાર 2015થી સન્માનિત**

  અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ 'હેપ્પી ન્યુ યર'માંના તેમના અભિનય માટે દાદા સાહેબ ફાળકે ફિલ્મ ફાઉન્ડેશન પુરસ્કાર 2015થી સન્માનિત કરવામાં આવ્યા.

- **આવકવેરા વિભાગ વડાપ્રધાન લોક પ્રશાસન ઉત્કૃષ્ટતા પુરસ્કારથી સન્માનિત**

  ગુણવત્તાસભર સેવાના માધ્યમથી સરળ કર કાયદાઓના અમલ માટે આવકવેરા વિભાગ વડાપ્રધાન લોક પ્રશાસન ઉત્કૃષ્ટતા પુરસ્કારથી સન્માનિત. આવકવેરા વિભાગને આ પુરસ્કાર મૂળભૂત સેવાઓમાં દરેક પ્રકારના ઉકેલ આપવા માટે આપવામાં આવ્યો.

- **કેન્દ્રીય રમત વિભાગે પેરાલમ્પિક સમિતિને સસ્પેન્ડ કરી**

  કેન્દ્રીય રમત વિભાગે 15માં રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના આયોજનમાં ખુબ જ ખરાબ વહીવટ વિરુદ્ધ સખત પગલું ભરીને ભારતીય પેરાલમ્પિક સમિતિ (PCI)ને સસ્પેન્ડ કરી.

- **ફિલ્મ અભિનેત્રી તથા રાજનેતા જયા પ્રદા 'કલાશ્રી પુરસ્કાર'થી સન્માનિત**

  ફિલ્મ અભિનેત્રી તથા રાજનેતા જયા પ્રદાને 'કલાશ્રી પુરસ્કાર'થી નવાજવામાંઆવ્યાં. આ પુરસ્કાર કલા, મનોરંજન ક્ષેત્રે તેમના યોગદાન માટે 'દાદા સાહેબ ફાળકે ફિલ્મ ફાઉન્ડેશન' દ્વારા તેમને આપવામાં આવ્યો.

- **ચંદ્રશેખરની સમાધિનું નવું નામ જનનાયક સ્થળ રાખવામાં આવ્યું**

  શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ભૂતપૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરની સમાધિનું નામ એકતા સ્થળથી બદલીને જનનાયક સ્થળ રાખવામાં આવ્યું. ભૂતપૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પુત્ર અને સાંસદ નીરજ શેખરે ગયા મહિને શહેરી વિકાસ વિભાગને એક પત્ર લખીને આ પ્રસ્તાવ મુક્યો હતો. તેમણે પોતાના પ્રસ્તાવમાં સમાધિનું નામ એકતા સ્થળથી બદલીને જનનાયક સ્થળ રાખવાનો આગ્રહ કર્યો હતો. ચંદ્રશેખર ભારતના નવમા વડાપ્રધાન હતા.

- **EPFOને શેર બજારમાં 5% રોકાણ કરવાની સંમતિ**

  કેન્દ્ર સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનને વાર્ષિક ભંડોળના 5% સુધી એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETF)માં રોકાણ કરવાની સંમતિ આપી. તેનાથી આ નાણાકીય વર્ષે શેર બજારમાં 5000 કરોડ રૂપિયા સુધીનું રોકાણ આવવાનો અંદાજ છે. ETFમાં રોકાણની શરૂઆત 1%થી કરવામાં આવશે અને આ નાણાકીય વર્ષ 2015-16ના અંત સુધી 5%ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં આવશે.

- **ગોરખા રેજીમેન્ટની પ્રથમ બટાલિયને સ્થાપનાનાં 200 વર્ષ પૂરાં કર્યાં**

www.crackgpsc.com

ગોરખા રાઈફલ્સની પ્રથમ બટાલિયને (1/1 જીઆર) 24 એપ્રિલ 2015ના રોજ સ્થાપનાનાં 200 વર્ષ પૂર્ણ થવાના અવસરે પઠાણકોટ, પંજાબમાં ઉત્સવ ઉજવ્યો. પ્રથમ ગોરખા રાઈફલ્સ બટાલિયનની સ્થાપના 24 એપ્રિલ 1815ના રોજ કરવામાં આવી હતી. આ બટાલિયનને હવે 1/3 ગોરખા રાઈફલ્સના નામથી ઓળખવામાં આવે છે.

- **24 એપ્રિલના રોજ રાષ્ટ્રીય પંચાયત રાજ દિવસ તરીકે ઉજવાયો**

દેશમાં 24 એપ્રિલ 2015ના રોજ ત્રીજો રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ઉજવવામાં આવ્યો. 1992ના 73મા બંધારણીય સુધારા હેઠળ 24 એપ્રિલ 1993ના રોજ ગ્રામ, મધ્યવર્તી અને જીલ્લા સ્તરની  પંચાયતો અસ્તિત્વમાં આવી. પંચાયતી રાજ વિભાગ દર વર્ષે 24 એપ્રિલના રોજ પંચાયતી રાજ દિવસ તરીકે ઉજવવા માટે રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરે છે. આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંચાયતોમાંથી ‘સરપંચ પતિ સંસ્કૃતિ’ સમાપ્ત કરવા કહ્યું. સરપંચ પતિ સંસ્કૃતિનું તાત્પર્ય સરપંચ પત્નીઓના કામકાજમાં પતિઓની કથિત દખલને લીધે છે.

- **ભારતીય મૂળના વિવેક હેલગેર મૂર્તિ અમેરિકાના સર્જન જનરલ બન્યા**

ભારતીય મૂળના અમેરિકન નાગરિક વિવેક હેલગેર મૂર્તિને ઉપરાષ્ટ્રપતિ જો બાઈડેને અમેરિકાના સર્જન જનરલ પદના શપથ લેવડાવ્યા. આ પદે પહોંચનાર સૌથી યુવાન અને ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ છે.

- **વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં સ્વીટ્ઝર્લેન્ડ પ્રથમ સ્થાને**

સંયુક્ત રાષ્ટ્રોની વૈશ્વિક પહેલ હેઠળ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક (SDSN) દ્વારા વર્ષ 2015નો વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ જારી કરવામાં આવ્યો. સ્વીટ્ઝર્લેન્ડ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં પ્રથમ સ્થાને છે. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ભારત 117મા સ્થાને છે.

- **વડાપ્રધાને સેવાઓ પર પ્રથમ વૈશ્વિક પ્રદર્શનનું ઉદઘાટન કર્યું**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સેવા ક્ષેત્રે આયોજિત કરવામાં આવેલ પ્રથમ વૈશ્વિક પ્રદર્શનનું ઉદઘાટન કર્યું. કાર્યક્રમનો હેતુ ભારતને એક પ્રમુખ સેવા નિકાસકાર તરીકે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવાનો છે. ભારતનું સેવા ક્ષેત્ર દેશની GDPમાં 57% યોગદાન આપે છે અને ભારતમાં ચીન પછી દુનિયાનું ઝડપથી વિકસતું સેવા ક્ષેત્ર છે.

- **બીએસએનએલે લેન્ડલાઈનથી ફ્રી કોલ સુવિધા આપી**

સાર્વજનિક ક્ષેત્રના સાહસ ભારત સંચાર નિગમ લીમીટેડે (BSNL) પોતાના લેન્ડલાઇન ફોનના વેપારને વધારવા માટે રાતના સમયે ફિક્સ્ડ ફોનથી મોબાઈલ ફોન સહિત કોઈ પણ નેટવર્ક પર અનલિમિટેડ ફ્રી કોલ્સની સુવિધા આપવાની ઘોષણા કરી. આ સુવિધા 1 મેથી શરુ થશે. આ યોજના રાતના 9 વાગ્યાથી સવારના 7 વાગ્યા સુધી ચાલુ રહેશે.

- **ભારત ફ્રાંસ સંયુક્ત નેવલ અભ્યાસ ‘વરુણ’ ગોવામાં આયોજિત**

www.crackgpsc.com

14મા ભારત-ફ્રાંસ સંયુક્ત નેવલ અભ્યાસ 'વરુણ' ગોવામાં ફ્રાન્સીસી નેવીના જહાજોના આગમન સાથે શરુ થયો.

- **ચીન અને પાકિસ્તાન વચ્ચે આર્થિક કોરીડોરના નિર્માણ માટે કરાર**

  ચીન અને પાકિસ્તાને ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરીડોર (CPEC)ના નિર્માણ માટે 46 અબજ ડોલરના MOU કર્યા. આ કરાર પર ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે હસ્તાક્ષર કર્યા. ચીન 16400 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવા માટે ઊર્જા પરિયોજનાઓમાં 37 બિલિયન અમેરિકન ડોલરનું રોકાણ કરશે. બંને દેશો વચ્ચે કુલ 51 સમજૂતીઓ કરવામાં આવી. આ સમજુતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ઉર્જા ઉત્પાદન, કૃષિ, શિક્ષણ, દુરસંચાર અને સંશોધન ક્ષેત્રે કરવામાં આવી. બંને દેશો સિવિલ ન્યુક્લિયર પાવર, સ્પેસ એન્ડ મરીન ટેકનોલોજી, આતંકવાદનો સામનો કરવા અને સંરક્ષણ ક્ષેત્રે સહયોગ મજબુત કરવા સહમત થયા.

- **નેપાળમાં 7.9 રીક્ટર તીવ્રતાનો ભૂકંપ**

  નેપાળમાં 7.9 રીક્ટર તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં પોખરાથી લગભગ 75 કિમી દુર લામજુમમાં નોંધાયું. ભૂકંપથી ઐતિહાસિક કાષ્ઠમંડપ સહિત ઘણાં પ્રાચીન મંદિરોને નુકસાન થયું. કાષ્ઠમંડપ લાકડીઓથી બનેલ 16મી શતાબ્દીનું સ્મારક છે તેના પરથી જ નેપાળની રાજધાનીનું નામ કાઠમંડુ રાખવાની પ્રેરણા મળી. કાઠમંડુનું વિશ્વ પ્રસિદ્ધ સ્મારક ધરહરા મીનાર પણ ભૂકંપમાં નાશ પામ્યું. ધરહરા મીનારનું નિર્માણ વર્ષ 1832માં નેપાળના પ્રથમ વડાપ્રધાન ભીમસેન થાપા દ્વારા કરાવવામાં આવ્યું હતું. ભૂકંપના આંચકા ઉત્તર ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ અનુભવાયા. ભારતે ભૂકંપ ગ્રસ્ત નેપાળમાં ઓપરેશન મૈત્રી નામથી રાહત અને બચાવ કામગીરી શરુ કરી.

- **ભારતીય મૂળના રાજદૂત ગોપીનાથ પિલ્લાઇ સિંગાપુરમાં સન્માનિત**

  ભારતીય મૂળના રાજદૂત ગોપીનાથ પિલ્લાઇને સિંગાપુરમાં રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય દ્વારા પોતાની સેવાઓ માટે 'આઉટસ્ટેન્ડિંગ સર્વિસ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. હાલમાં તેમને સિંગાપુરના 'એમ્બેસેડર એટ લાર્જ' અને આન્ધ્રપ્રદેશ રાજ્યના વિશેષ દૂત નિયુક્ત કરવામાં આવ્યા છે.

- **ભારતીય મૂળના વૈજ્ઞાનિક સંગીતા ભાટિયાએ 2015નો હેઈન્ઝ એવોર્ડ જીત્યો**

  મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (MIT)માં ભારતીય મૂળનાં વૈજ્ઞાનિક સંગીતા ભાટિયાને ટીસ્યુ એન્જીનિયરીંગ અને રોગ નિયંત્રણ ક્ષેત્રે ઉલ્લેખનીય કામ કરવા બદલ વર્ષ 2015નો હેઈન્ઝ ટેકનોલોજી, અર્થતંત્ર અને રોજગાર એવોર્ડ આપવામાં આવ્યો.

- **ભારતીય મહિલા બેન્કે 'એશિયન બેન્કર એચિવમેન્ટ એવોર્ડ 2015' જીત્યો**

www.crackgpsc.com

ભારતીય મહિલા બેન્કે 'એશિયન બેન્કર એચિવમેન્ટ એવોર્ડ 2015'નો પુરસ્કાર જીત્યો. ભારતીય મહિલા બેંકને આ પુરસ્કાર નવી બેંકની શ્રેણીમાં સર્વોત્તમ આઉટસોર્સિંગ પ્રોજેક્ટની શ્રેણીમાં ટેકનોલોજીના ક્રિયાન્વયન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો. ભારતીય મહિલા બેંકની ચેરમેન અને CMD ઉષા અનંતસુબ્રમણ્યન છે.

- **અનિલ કપુર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત**

  બોલીવુડના અભિનેતા અનિલ કપુર અને મરાઠી અભિનેતા દિલીપ પ્રભાલકરને પ્રતિષ્ઠિત દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. પંડિત દીનાનાથ મંગેશકર પુરસ્કાર લતા મંગેશકરના પિતા દીનાનાથ મંગેશકરની સ્મૃતિમાં વર્ષ 1999માં સ્થાપિત કરવામાં આવ્યો હતો.

- **ભારતે રોઈંગમાં સુવર્ણ પદક જીત્યો**

  થાઈલેન્ડના પટ્ટાયામાં આયોજિત ઇન્ડોર રોઈંગ (બોટ હેન્ડલિંગ) સ્પર્ધામાં ભારતે એક સુવર્ણ તથા એક કાંસ્ય ચંદ્રક જીત્યો. આ શ્રેણીમાં ભારત તરફથી પ્રદર્શન કરીને દુષ્યંતસિંહ અને સુચ્ચાસિંહ તોમરે સુવર્ણ ચંદ્રક જીત્યો.

- **વ્લાદિમીર ક્લીશ્કોએ 18મી વાર બોક્સિંગ ટાઈટલ પોતાના નામે કર્યું**

  યુક્રેનના વ્લાદિમીર ક્લીશ્કોએ હેવીવેટ બોક્સિંગમાં સતત 18મી જીત મેળવીને ખિતાબ પોતાના નામે જાળવી રાખ્યો. ક્લીશ્કોએ અમેરિકન પ્રતિદ્વંદી બ્રાયંટ જેનિંગ્સને 12 રાઉન્ડ સુધી ચાલેલ મેચમાં હરાવ્યો.

- **મરાઠી સાહિત્યકાર ભાલચંદ્ર નેમાડે 50મા જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત**

  મરાઠી સાહિત્યકર ભાલચંદ્ર નેમાડેને વર્ષ 2014ના 50મા જ્ઞાનપીઠ પુરસ્કારથી નવાજવામાં આવ્યા. 1963માં તેમના દ્વારા લખાયેલ નવલકથા કોસાલાને મરાઠી સાહિત્યના માર્ગદર્શક તરીકે ઓળખવામાં આવે છે. ભાલચંદ્ર નેમાડે આ સન્માન પ્રાપ્ત કરનારા ચોથા મરાઠી સાહિત્યકાર છે.

- **નેધરલેંડના પીટર જેન ગ્રાફ યુએનએમઈઈઆરના અધ્યક્ષ નિયુક્ત**

  સંયુક્ત રાષ્ટ્રોએ (યુએન) નેધરલેંડના પીટર જેન ગ્રાફની યુએન મિશન ઓફ ઇબોલા ઈમરજન્સી રિસ્પોન્સના નવા પ્રમુખ તરીકે નિમણુક કરી. 2013થી લઈને અત્યાર સુધી આ બીમારીથી 10,800 લોકોનાં મૃત્યુ થયાં છે. લાઇબેરિયા, ગિની અને સિયરા લિયોનમાં આ મહામારીના 99% કેસ જોવા મળ્યા છે.

- **કેન્દ્ર સરકારે લગભગ 9000 NGOનાં લાયસન્સ રદ કર્યા**

  કેન્દ્ર સરકારે લગભગ 9000 એવા બિન સરકારી સંગઠનોનાં લાયસન્સ રદ કરી દીધાં છે જેમણે છેલ્લાં ત્રણ વર્ષોમાં પોતાના વાર્ષિક નાણાકીય રિટર્ન ફાઈલ કર્યાં નથી.

- **રતન ટાટાએ મોબાઈલ કંપની શિયોમીમાં ભાગીદારી ખરીદી**

www.crackgpsc.com

ઉદ્યોગપતિ રતન ટાટાએ ચીનની મોબાઈલ હેન્ડસેટ બનાવતી કંપની શિયોમીમાં ભાગીદારી ખરીદી. શિયોમીમાં કોઈ ભારતીયનું આ પ્રથમ રોકાણ છે. આ પહેલાં ટાટાએ સ્નેપડીલ, અર્બન લેડર, બ્લુસ્ટોન અને કાર દેખો ડોટ કોમ જેવી ઈ કોમર્સ કંપનીઓમાં રોકાણ કરેલ છે.

- **ભારત પ્રેસિડેન્ટ્સ કપ મુક્કેબાજી ટુર્નામેન્ટમાં પ્રથમ વાર ચેમ્પિયન બન્યું**

ભારત પ્રથમ વાર 22મા પ્રેસિડેન્ટ્સ કપ ઓપન ઇન્ટરનેશનલ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યું. ભારતે 4 સુવર્ણ અને 1 કાંસ્યપદક જીતીને 33 અંક મેળવીને ટુર્નામેન્ટમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. મંગોલિયાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. મહિલા શ્રેણીમાં શમ્જેત્સ્બમ સરજુબાલા તથા પિંકી જાંગડાએ ક્રમશઃ 48 કિલોગ્રામ તથા 51 કિલોગ્રામ શ્રેણીમાં રમીને સુવર્ણ પદક મેળવ્યા. પુરુષોના વર્ગમાં રાકેશ કુમાર તથા હરપાલ સિંહે 69 કિલોગ્રામ અને 75 કિલોગ્રામમાં સુવર્ણ પદક મેળવ્યા.

- **રાજસ્થાનમાં સૈન્ય અભ્યાસ 'આક્રમણ-2' યોજાયો**

ભારતીય સેનાએ રાજસ્થાનમાં સૈન્ય અભ્યાસ આક્રમણ-2નું આયોજન કર્યું. આ સૈન્ય અભ્યાસનો હેતુ રણ વિસ્તારમાં સેનાને આપવામાં આવેલ હથિયારોની ક્ષમતાનું પરીક્ષણ કરવાનો હતો.

- **લોરેટા લિંચ અમેરિકાના પ્રથમ આફ્રિકન અમેરિકન મહિલા એટર્ની જનરલ બન્યા**

લોરેટા લિંચે સંયુક્ત રાજ્ય અમેરિકાના 83માં એટર્ની જનરલ જનરલ તરીકે શપથ ગ્રહણ કર્યા. તેઓ દેશના ટોચના લો એન્ફોર્સમેંટ અધિકારી તરીકે સેવા આપનાર પ્રથમ આફ્રિકન અમેરિકન મહિલા છે. તેઓ હાઈ પ્રોફાઇલ આતંકવાદ વિરોધી બાબતો માટે જાણીતાં છે.

- **ગ્રામ્ય શિક્ષણમાં સુધારણા માટે મોબાઈલ વિજ્ઞાન પ્રયોગશાળાનો પ્રારંભ**

દેશની સૌથી મોટી વીજ ઉત્પાદક કંપની નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિ. (NTPC)એ ગ્રામ્ય ભારતમાં શિક્ષણ સુવિધાઓથી વંચિત વિદ્યાર્થીઓ માટે મોબાઈલ વિજ્ઞાન પ્રયોગશાળા (MSL) ની શરૂઆત કરી. MSL એક વાહન છે જે LCD ટીવીથી જોડાયેલ છે. તનો હેત્ય સુવિધાઓથી વંચિત બાળકો માટે ગ્રામ્ય વિસ્તારોમાં જ વિજ્ઞાન શિક્ષણ અને ગ્રામ્ય શિક્ષણમાં પરિવર્તન લાવવાનો છે.

- **સરકારે નેશનલ ડીઝાસ્ટર હેલ્પલાઇન 1078 શરુ કરી**

ભારત સરકારે ભૂકંપથી અસરગ્રસ્ત નેપાળમાં રાહત અને બચાવ કાર્યો પર ભાર મુકવા માટે નેશનલ ડીઝાસ્ટર હેલ્પલાઇન 1078 શરુ કરી. આ સેવાથી કોઈ પણ વ્યક્તિ પોતાના સગા-સંબંધીઓ વિષેની માહિતી મેળવી શકે છે.

- **વિકાસ ગૌડાએ અમેરિકામાં ચક્ર ફેંક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

ભારતે ચક્ર ફેંક ખેલાડી વિકાસ ગૌડાએ અમેરિકામાં ચક્ર ફેંક સ્પર્ધાનો સુવર્ણ ચંદ્રક જીત્યો. અમેરિકાના સેન ડિયોગોના લા જોલામાં આયોજિત 'ટ્રાઈટન ઇનવીટેશનલ ટુર્નામેન્ટ-2015'માં 65.75 મીટરના લક્ષ્ય સાથે ગૌડાએ આ સ્પર્ધા જીતી.

- **યશવંત સિંહા ફ્રાન્સના 'નાઈટ ઓફ ધ લીઝન ઓફ ઓનર'થી સન્માનિત**

  ભૂતપૂર્વ કેન્દ્રીય નાણા મંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા યશવંત સિંહાને રાજકીય અને સામાજિક જીવનમાં ઉત્કૃષ્ટ સેવા માટે ફ્રાન્સના સર્વોચ્ચ સન્માન 'નાઈટ ઓફ ધ લીઝન ઓફ ઓનર' થી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે વિદેશ મંત્રી તરીકે અટલ બિહારી વાજપેયીની વર્ષ 1998માં પેરિસ યાત્રા દરમ્યાન ભારત-ફ્રાન્સ વ્યુહાત્મક ભાગીદારીને મજબુત બનાવવામાં ફાળો આપ્યો હતો. 'નાઈટ ઓફ ધ લીઝન ઓફ ઓનર' સન્માનની શરૂઆત વર્ષ 1802માં નેપોલિયને કરી હતી. ફ્રાન્સ અને બીજા દેશોના નાગરિકોને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના યોગદાન માટે આ સન્માન આપવામાં આવે છે.

- **ઈસરોએ સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનનું સફળતાપુર્વક પરીક્ષણ કર્યું**

  ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને તમિલનાડુના મહેન્દ્રગિરી જીલ્લાના ઈસરો સંચાલન પરિસરથી સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનનું સફળતાપુર્વક પરીક્ષણ કર્યું. આ એન્જીન ચાર ટન વજન વાળા ઉપગ્રહો ભૂ સ્થૈતિક શ્રેણીમાં પહોચાડવામાં અને ભારત દ્વારા થતી તપાસ અને માનવયુક્ત અંતરિક્ષ મિશનને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ સાબિત થશે.

✓ **ક્રાયોજેનિક એન્જીન**

  ક્રાયોજેનિક એન્જીનને ક્રાયોજેનિક એન્જીન કહેવા પાછળનું કારણ એ છે કે આ એન્જીન ક્રાયોજેનિક તાપમાન પર કાર્ય કરે છે. -238 ડિગ્રી ફેરનહીટને ક્રાયોજેનિક તાપમાન કહેવાય છે. એટલા નીચા તાપમાન પર એન્જીનમાં પ્રયોગ કરવામાં આવતા બળતણ એટલે કે ઓક્સિજન અને હાઇડ્રોજન તરલ અવસ્થામાં આવી જાય છે. ફાયદા : (1) પ્રવાહી ઇંધણથી 4.4 કિમી પર સેકંડની ગતિ પ્રાપ્ત કરી શકાય છે. (2) તરલ ઇંધણના પ્રયોગથી સારું અપલીફ્ટ મળે છે. (3) વાયુ અવસ્થામાં આટલું વધુ અપલીફ્ટ મેળવવા માટે ઇંધણને મોટું બનાવવું પડે જેનાથી લોન્ચ વ્હીકલનું વજન વધી જાય અને તેને ગુરુત્વાકર્ષણથી વિરુદ્ધ લોન્ચ કરવું વધુ જટિલ બની જાય. ક્રાયોજેનિક ઇંધણ સર્વાધિક સ્વચ્છ ઇંધણ છે કારણ કે તેના લીધે સળગવાથી માત્ર પાણી જ કચરા સ્વરૂપે નીકળે છે.

- **પ્રો. કે. વિજય રાઘવન એનએએસના વિદેશી એસોસીએટ તરીકે સામેલ**

  બાયો ટેકનોલોજી વિભાગના સચિવ પ્રો. કે. વિજય રાઘવનને વોશિંગ્ટનમાં અમેરિકન નેશનલ સાયન્સ એકેડમીના (NAS) વિદેશી એસોસીએટ તરીકે સામેલ કરવામાં આવ્યા. અમેરિકન નેશનલ સાયન્સ એકેડમીની સદસ્યતા વિજ્ઞાનમાં ઉત્કૃષ્ટ સ્વીકૃતિ માટે આપવામાં આવે છે અને આ વૈજ્ઞાનિકો માટે સર્વોચ્ચ સન્માન છે. NASમાં 2250 સભ્યો છે અને 440ના લગભગ વિદેશી એસોસીએટ છે. તેમાંથી લગભગ 200 વૈજ્ઞાનિકોને નોબલ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

- **ઓસ્કાર વિજેતા સિનેમેટોગ્રાફર એન્ડ્રયુ લેસ્નીનું અવસાન**

'લોર્ડ ઓફ ધ રિંગ્સ' અને 'ધ હોબિટ' જેવી પ્રસિદ્ધ ફિલ્મોના સિનેમેટોગ્રાફર એન્ડ્રયુ લેસ્નીનું અવસાન થયું. ઓસ્ટ્રેલીયામાં જન્મેલ લેસ્નીએ વર્ષ 2002માં પીટર જેક્સન દ્વારા નિર્દેશિત 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' માટે એકેડમી એવોર્ડ પ્રાપ્ત કર્યો. તેમની અંતિમ ફિલ્મ રસ્સલ ક્રો દ્વારા નિર્દેશિત 'ધ વોટર ડિવાઈનર' હતી.

- **વિશ્વ બેંક દ્વારા 2015-16માં ભારતનો GDP 7.5% રહેવાનું અનુમાન**

  વિશ્વ બેંક તથા ઇન્ટરનેશનલ મોનેટરી ફંડે (IMF) કરેલ અનુમાન મુજબ વર્ષ 2015-16માં ભારતનો GDP 7.5% રહેશે. આ પહેલા ગ્લોબલ રેટિંગ એજન્સી ક્રિસિલે 24 એપ્રિલ 2015ના રોજ વિકાસ દર 7.9% રહેવાનું અનુમાન લગાવ્યું હતું. વર્લ્ડ બેંક અનુસાર ભારતનો વિકાસ દર 2017 સુધી 8% સુધી પહોંચવાનું અનુમાન છે. IMF અનુસાર 7.5% વિકાસ દરની સાથે 2015-16માં ભારતની અર્થ વ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપી વિકસતી અર્થ વ્યવસ્થા બની જશે.

- **વર્લ્ડ ટીમ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતનું નવમું સ્થાન**

  વર્લ્ડ ટીમ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતને નવમું સ્થાન પ્રાપ્ત થયું. ચીન 15 અંકો સાથે પ્રથમ સ્થાને રહ્યું જયારે યુક્રેન બીજા નંબર પર રહ્યું. પ્રથમ વાર કોઈ એશિયન ટીમે આ ખિતાબ મેળવ્યો. વિશ્વ શતરંજ ટીમ ચેમ્પિયનશિપ દર બે વર્ષે યોજાય છે.

- **આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ વિશ્વ સ્તરે ઉજવાયો**

  વિશ્વ નૃત્ય દિવસ કે આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ 29 એપ્રિલ 2015ના રોજ વિશ્વ સ્તરે ઉજવવામાં આવ્યો. મહાન રીફોર્મર જીન જ્યોર્જ નાવેરેના જન્મ દિવસની યાદમાં યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય થીયેટર ઇન્સ્ટીટયુટની આંતરરાષ્ટ્રીય નૃત્ય પરિષદે 29 અપ્રિલ 1982ના રોજ આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ ઉજવવાની ઘોષણા કરી.

- **ભૂકંપને કારણે કાઠમંડુ 10 ફૂટ દક્ષિણમાં ખસ્યું**

  યુનિવર્સીટી ઓફ કેમ્બ્રિજના ટેકટોનિક્સ એક્સપર્ટ જેમ્સ જેક્સને નેપાળમાં આવેલ વિનાશકારી ભૂકંપ દરમ્યાન ઉત્પન્ન થનાર ધ્વનિ તરંગો દ્વારા પ્રાપ્ત આંકડા પરથી રિપોર્ટ રજુ કર્યો જેમાં તેમણે દર્શાવ્યું કે કાઠમંડુ 10 ફૂટ (3 મીટર) દક્ષિણમાં ખસી ગયું છે. ભૂકંપને કારણે ઇન્ડિયન પ્લેટના યુરેશિયન પ્લેટ નીચે ખસવાથી પેદા થયેલ ઘર્ષણને કારણે પૃથ્વીનો 7,200 વર્ગ કિમી ભૂભાગ પોતાના સ્થાનેથી ત્રણ મીટર ઉપર ઉઠી ગયો. આ ખેંચાણને લીધે 79 લાખ ટન ટીએનટી ઊર્જા ઉત્પન્ન થઇ જેનાથી પૃથ્વીની ધરી પર પણ અસર થઇ. આ હીરોશિમામાં થયેલ એટમિક બ્લાસ્ટથી ઉત્પન્ન થયેલ ઊર્જા કરતાં 504.4 ગણી વધુ હતી.

- **દિલ્હી સરકાર દ્વારા ગજેન્દ્ર સિંહના નામે કિસાન વળતર યોજના**

  દિલ્હી સરકારે ગજેન્દ્ર સિંહના નામે કિસાન વળતર યોજનાની સ્થાપના માટે મંજુરી આપી. ગજેન્દ્ર સિંહે આપની રેલી દરમ્યાન આત્મહત્યા કરી હતી. તે ઉપરાંત સરકારે ગજેન્દ્રને શહીદનો દરજ્જો આપવાનો અને તેના પરિવારના કોઈ એક સભ્યને નોકરી આપવાનો પણ નિર્ણય કર્યો.

www.crackgpsc.com

- **રેલવેએ 5મી સિનીયર પુરુષ રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપ જીતી**

  રેલવે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડે (આરએસપીબી) 5મી સિનીયર પુરુષ રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપ 2015 જીતી. અર્પિત ચૌધરી (ઝારખંડ) સર્વશ્રેષ્ઠ ગોલકીપર તથા અમિત રોહિદાસ (રેલવે) સર્વશ્રેષ્ઠ ડિફેન્ડર ઘોષિત.

- **આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું પ્રતિક ચિહ્ન પ્રસ્તુત કરવામાં આવ્યું**

  નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું પ્રતિક ચિહ્ન જારી કરવામાં આવ્યું. આ ચિહ્નને આયુષ મંત્રાલય દ્વારા સ્થપાયેલ યોગ નિષ્ણાતોની એક સમિતિ દ્વારા પસંદ કરવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 21 જુનના રોજ ઉજવવાનો પ્રસ્તાવ નરેન્દ્ર મોદી દ્વારા સપ્ટેમ્બર 2014માં સંયુક્ત રાષ્ટ્રો મહાસભામાં પોતાના ભાષણ દરમ્યાન મુકવામાં આવ્યો હતો. ડીસેમ્બર 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સર્વસંમતિથી 21 જુનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સંકલ્પ 75 દિવસના રેકોર્ડ સમયની અંદર પસાર કરવામાં આવ્યો અને તેમાં તમામ 177 દેશ એક જ પક્ષે રહ્યા જે એક વિશ્વ રેકોર્ડ છે.

- **જોર્જિયાએ મહિલા વિશ્વ ટીમ શતરંજ ચેમ્પિયનશિપ જીતી**

  જોર્જિયાએ મહિલા વિશ્વ ટીમ શતરંજ ચેમ્પિયનશિપ જીતી. જોર્જિયાએ ચીનને હરાવીને 17 અંક સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. રશિયાએ રજત ચંદ્રક અને ચીને કાંસ્ય ચંદ્રક જીત્યો. મારિયા મુજીચુકને વર્ષ 2015ની મહિલા વિશ્વ ચેમ્પિયન ઘોષિત કરવામાં આવ્યા.

- **સાઉદી અરબ : મોહમ્મદ બિન નાયેફ ક્રાઉન પ્રિન્સ નિયુક્ત**

  સાઉદી અરબના શાહ સલમાન બિન અબ્દુલ અઝીઝે પોતાના ભત્રીજા મોહમ્મદ બિન નાયેફને ક્રાઉન પ્રિન્સ (યુવરાજ) નિયુક્ત કર્યા અને પોતાના પુત્ર મોહમ્મદ બિન સલમાનને ડેપ્યુટી ક્રાઉન પ્રિન્સ નિયુક્ત કર્યો.

- **ફ્લિપકાર્ટે એપિટેરેટનું અધિગ્રહણ કર્યું**

  ફ્લિપકાર્ટે એપિટેરેટના અધિગ્રહણની ઘોષણા કરી. એપિટેરેટ ઈ-કોમર્સ કંપનીઓને વધુ ગ્રાહક મેળવી આપવા માટે પુશ નોટિફિકેશન તથા ઇન-એપ મેસેજ પ્રદાન કરે છે. એપિટેરેટે વર્ષ 2014માં 5,00,000 ડોલરથી વધુ નફો મેળવ્યો હતો જેમાં ફેસબુક, લાઈમ રોડ તથા સેફ રોડ્સ જેવા રોકાણકારો સામેલ છે.

- **પ્રોપટાઇગર ડોટ કોમે 'મકાન ડોટ કોમનું અધિગ્રહણ કર્યું**

  રીયલ એસ્ટેટ પોર્ટલ પ્રોપટાઈગર ડોટ કોમે સેકન્ડરી પ્રોપર્ટી માર્કેટમાં પોતાનો વિસ્તાર વધારવા માટે મકાન ડોટ કોમનું અધિગ્રહણ કર્યું.

- **1000 રૂપિયા લઘુત્તમ માસિક પેન્શન યોજના ચાલુ રાખવાની મંજુરી**

  કેન્દ્રીય કેબિનેટે 1000 રૂપિયાની લઘુત્તમ માસિક પેન્શન યોજના ચાલુ રાખવાની મંજુરી આપી. 1000 રૂપિયાની લઘુત્તમ માસિક પેન્શન યોજના માર્ચ 2015 સુધી જ અમલમાં હતી. આ

www.crackgpsc.com

નિર્ણયથી EPFOની પેન્શન સ્કીમ હેઠળ આવનાર લગભગ 20 લાખ સેવાનિવૃત્ત લોકોને ફાયદો થશે.

- **ગોપીનાથ પિલ્લાઇનું ગેટવે ડીસ્ટ્રીપાર્ક્સ લિ.ના અધ્યક્ષ પદેથી રાજીનામુ**

  ગોપીનાથ પિલ્લાઈએ ગેટવે ડીસ્ટ્રીપાર્ક્સ લિ.ના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપ્યું. ગેટવે ડીસ્ટ્રીપાર્ક્સ લિ. કંપનીના સંસ્થાપક ગોપીનાથ પિલ્લાઇએ આ કંપની સાથે 19 વર્ષ સુધી કામ કર્યું. હાલમાં તેઓ આઈટી કંપની સ્ટાન્ડર્ડ કેબલ્સના અધ્યક્ષ છે. પિલ્લાઇ છેલ્લાં 25 વર્ષોથી એક ડીપ્લોમેટ તરીકે સિંગાપુરમાં સેવા આપી રહ્યા છે.

- **સિમ્પ્લોટ ફૂડ પ્રોસેસિંગ પર જળ પ્રદુષણના આરોપમાં 6,30,000 ડોલરનો દંડ**

  ચીને અમેરિકન ફાસ્ટ ફૂડ કંપની મેકડોનાલ્ડને ફ્રેન્ચાઇઝી આપનારી ફર્મ પર જળ પ્રદુષણ કરવાના આરોપસર અત્યાર સુધીનો સૌથી મોટો દંડ કર્યો. ચીનની અદાલતે બેજિંગ સિમ્પ્લોટ ફૂડ પ્રોસેસિંગ પર જળ પ્રદુષણના આરોપસર 6,30,000 અમેરિકન ડોલરનો દંડ કર્યો જે આ પ્રકારનો સૌથી મોટો દંડ છે.

- **સેશેલ્સ વિશ્વ વેપાર સંગઠનનો 161મો સભ્ય બન્યો**

  સેશેલ્સ વિશ્વ વેપાર સંગઠન (WTO)નો 161મો સભ્ય બન્યો. આ સાથે જ 90,000 નાગરિકોવાળો સેશેલ્સ દ્વીપસમૂહ WTOનો સૌથી નાના વિસ્તારવાળા સભ્યોમાંનો એક બની ગયો. WTO વિશ્વની પ્રમુખ મોનેટરી સંસ્થા છે જે વિશ્વ વેપાર માટે દિશા સૂચનો કરે છે તથા સભ્ય દેશોને તેમની જરૂરિયાત અને માંગ મુજબ લોન આપે છે.






www.crackgpsc.com